Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૪ • તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૬ થી ૨૮ ઑગસ્ટ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી નલીયા તીર્થ મંડન શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય ૧૭૫ વર્ષ સહીરક પંચાન્હિકા મહોત્સવ નિમિત્તે યોજેલ ચઢાવાની ઝલક - રવિવાર, તા. ૭-૮-૨૦૧૬


























# શ્રી નલીયા તીર્થ મંડન શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય ૧૭૫ વર્ષ સહીરક પંચાન્હિકા મહોત્સવ નિમિત્તે યોજેલ ચઢાવાની ઝલક - રવિવાર, તા. ૭-૮-૨૦૧૬


















**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 34/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# નવકાર મંત્ર - અહિંસાની અવહેલના

મહાન જૈનાચાર્ય હેમચંદ્રાચાર્ય પાટણના નરેશ સિધ્ધરાજ જયસિંહ સાથે શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી અને છેલ્લે સોમનાથ પહોંચ્યા. સંઘે અને રાજાએ સોમનાથ ભગવાનની સેવાપૂજા કરી અને આચાર્યે પણ શંકર ભગવાનની પૂર્ણ ભક્તિભાવથી સ્તુતિ કરી.

આચાર્ય સંસ્કૃતમાં સ્તૃતિ કરતા જે શ્લોકો ઉચ્ચાર્યા તેનો અર્થ થાય છે : 'ગમે તે સમયે, ગમે તે રીતે અને ગમે તેવા નામ વડે જે વિતરાગ એક જ છે, તે તું હો તો હે ભગવાન ! તને મારા નમસ્કાર થાઓ.' 'સંસ્કારની પંરપરાને વધારનારા જેમના રાગ વગેરે દોષો ક્ષીણ થઈ ગયા છે એવા બ્રહ્મ હો, વિષ્ણુ હો, મહાદેવ હો કે, જિન હો - ગમે તે હો તેમને નમસ્કાર થાઓ.' એક જૈન આચાર્યે - અને તેમાંય તે જમાનાના સૌથી મહાન જૈનાચાર્ય કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રચાર્યે રચેલ આ 'મહાદેવ સ્તોત્ર' તેમની અનુપમ દાર્શનિક દૃષ્ટિનું દ્યોતક છે.

જૈન ધર્મમાં આજ સુધી લાખો સાધુ-સંતો થઈ ગયા, હજારો આચાર્ય થઈ ગયા, પરંતુ નામ ફક્ત વીસ-પચ્ચીસ આચાર્યના જ લેવાય છે, જેઓ જૈન ઈતિહાસમાં અમર થઈ ગયા. આજ સુધી જૈનો એમને ભુલ્યા નથી. જૈન ધર્મને એમણે જે પ્રદાન કર્યું છ, તે ભુલી શકાય તેમ નથી. ગુજરાત સરકારને પણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રચાર્યનું નામ આપવું પડ્યું.

ભગવાન મહાવીરની દેશનાનું સંપૂર્ણ ભક્તિભાવથી, સમર્પણ ભાવથી પાલન કર્યું. તે જમાનામાં ટીવી નહોતા. પીએચડીની ડીગ્રી નહોતી. છતાં કેમ તેઓ અજરાઅમર થઈ ગયા કારણ કે પ્રભુના વાક્યો, પ્રભુના સિધ્ધાંતો ને સહજપણે શિરોમાન્ય કર્યા, સરળભાવે પાલન કર્યા. તેઓ રાગદ્વેષથી પર થઈ ગયા. એટલે જ ભગવાન પછી આપણે અહોભાવથી તેમનું સ્મરણ કરીએ છીએ.

થોડા સમય પહેલા વડોદરામાં શ્રી જયંત રાહીએ જૈન ધર્મના મહાન મહામંત્ર 'નમસ્કાર મહામંત્ર' વિશે સમજ આપી, એ અનુસાર એનો અર્થ થાય છે. પૃથ્વી પર જેનો કોઈ દુશ્મન નથી. રાગ-દ્વેષથી જે પર થઈ ગયા છે. જે સિધ્ધ થઈ ગયા છે એવા બધા સાધુ-સંતો, સિધ્ધો ભલે તેઓ પૃથ્વીના કોઈ પણ સ્થળે થઈ ગયા હોય, અન્ય ધર્મના હોય એ બધાને મારા નમસ્કાર હો, મારા નમસ્કાર હો.

હવે જે વાત કરવી છે તે આ પ્રમાણે છે. દરેક ઘરમાં હવે અન્ય ધર્મની કન્યાઓ આવે છે, તેવી જ રીતે આપણી બાળાઓ પણ અન્ય ધર્મમાં જાય છે. તો શું, બન્ને તરફથી કન્યાઓ પોતાનો ધર્મ છોડી દે ? ઘર છોડીને તો આવી છે કે ગઈ છે, તો એમનો ધર્મ ક્યો ? મારા ઘરમાં મરાઠી છોકરી આવી છે. નાનપણથી તે કૃષ્ણ ભગવાનને માનતી આવી છે તો શું હું તેને ના પાડું ? કે તમારા ઘરમાં સીંધી કન્યા આવી હોય તો શું તમે તેને ઝુલેલાલને માનવાની ના પાડો ?

દાખલા તરીકે હમણા એક આચાર્ય ભગવંત એક ઘરે ગયા, ત્યાંની પુત્રવધુ લોહાણા સમાજની છે તેણે જલારામ બાપાની મુર્તિ આપણા તિર્થંકરોની બાજુમાં રાખી છે તો શું તે મુર્તિને હટાવી લેવાની ? આચાર્ય ભગવાનનો આ આદેશ હતો.

મારા નમ્ર મતે મિચ્છિમિ દુક્કડમ્ માગીને, આચાર્ય ભગવંતની માફી માગીને કહું છું કે

### તંત્રીલેખમાં હકીકત દોષ

'પ્રકાશ સમીક્ષા'ના અંક નં. ૩૩ના તંત્રીલેખમાં અનંતનાથજી જિનાલયના ૧૧ ઓગસ્ટના યોજાયેલ વર્ષગાંઠ કાર્યક્રમમાં અનંતનાથજી ટ્રસ્ટના અડધા જેટલા ટ્રસ્ટીઓની અનુપસ્થિતિ રહેલ તે વિધાન ક્ષતિયુક્ત છે. હકીકતમાં સર્વ ૧૧ ટ્રસ્ટીઓ મોડેથી આવતાં તેમની ઉપસ્થિતિ વિશે ગેરસમજણ થવા પામી હતી.

ભગવાન મહાવીરના મહાન ધર્મની તેમનાથી અવહેલના થઈ રહી છે. કારણે કે નમસ્કાર મહામંત્રનો પહેલો શબ્દ છે 'નમો અરિહંતાણં' જેનો કોઈ દુશ્મન નથી તેને મારા નમસ્કાર હો. દુનિયા માને છે કે જલારામ બાપાને કોઈજ દુશ્મન નથી. તેમના જેવો વિનમ્ર મહામાનવ અબજો પૃથ્વીવાસીઓમાં એક છે.

જલારામ બાપા જો જૈન ધર્મમાં જન્મ્યા હોત તો મહાન આચાર્યોમાં તેમની અવશ્ય ગણના થઈ હોત. ભારતભરના મંદિરોમાં જલારામ બાપાનું એક જ મંદિર છે જે દાન સ્વિકારવાની ના પાડે છે. આનાથી વિશેષ શું જોઈએ ? ખરીરીતે ભારતભરના ભ્રષ્ટ્રાચારીઓને મોટી લપડાક છે.

જૈન ધર્મનો જે પાયાનો સિધ્ધાંત છે 'અહિંસા' તેમાં ૮૪ લાખ યોનિ જીવોની કોઈની પણ હિંસા કરવી નહીં. સુક્ષ્મ રીતે કોઈના હૃદયને પણ દુઃખ પહોંચાડવું નહીં. એ પણ સુક્ષ્મ રીતે હિંસા જ છે.

ત્યારે આચાર્ય ભગવંતે ઘરની પુત્રવધુના હૃદયને જે ઠેસ પહોંચાડી તેનો દોષ એમને લાગે કે નહીં ? આ વિચારણીય પ્રશ્ન છે.

**– પ્રવિણ લોડાયા,** વડોદરા

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## જાહેરાતો, જાહેરખબરો અંગે અગત્યની સૂચના

જાહેરાતો અને જાહેરખબરોની મેટર બુધવાર સુધી મોકલવી. પોતાના જ સ્ત્રોત દ્વારા તૈયાર કરાયેલ મેટર ગુરૂવાર સુધી મોકલી શકાશે.

કલર કે બ્લેક એન્ડ વ્હાઈટ પાના પર લેવાની જાહેરાત ઈત્યાદિની મેટરો અંગે ચોક્કસ પાનું કે પાનાં બાબતે અગોતરું બુકીંગ થતું નથી તેમજ કયા ચોક્કસ પાના પર તે પ્રગટ થશે તેની નિશ્ચિત ખાતરી આપી શકાય તેમ નથી. જાહેરાત કર્તા ફક્ત પસંદગી દર્શાવી શકે છે. પરંતુ આગ્રહ રાખી શકશે નહીં. **જાહેરાતની મેટર કયા પાને ગોઠવવી તે બાબતે તંત્રીએ લીધેલ નિર્ણય આખરી ગણાશે.**

સમાચારો, જોહેરાતો ઈત્યાદિની મેટરો અમને ઈ મેઈલ, કુરિયર, ટપાલ, રૂબરૂ દ્વારા દરરોજ સતત મળતી રહેતી હોય છે, તેમજ જ્ઞાતિમાં અચાનક કોઈ અગત્યનો કાર્યક્રમ, સભા, પ્રસંગ હોતાં કે બનાવ બનતાં તેની અથવા તો અન્ય મહત્વની જાહેરાત આપવાનું અનિવાર્ય થવાથી અથવા તો કોઈ ટેક્નીકલ ખામી – અડચણ જેવા કે કુદરત નિર્મિત અન્ય અણધાર્યા સંજોગો – પરિસ્થિતિને કારણે તૈયાર થઈ રહેલા અંકને આખરી સ્વરૂપ આપનવાના હેતુસર પાનાની સંખ્યા કે ક્રમાંક ગોઠવણી બાબતે તંત્રીએ છેવટનો નિર્ણય લેવાનો હોય છે તેથી **જાહેરાતકર્તાએ પસંદગી દર્શાવેલ પાના ક્રમાંક કે સ્થાનમાં ફેરફાર કરવા અથવા તો જાહેરાત સમૂલગી મુલતવી રાખવા બાબતે તંત્રીએ લીધેલ નિર્ણય સર્વ સંબંધિતોને માન્ય રહેશે.**

તેવી જ રીતે જાહેરાતમાં કોઈ બદનામીજનક, અરૂચિકર, અશિષ્ટ શબ્દ – વાક્ય – ભાષાનો ઉપયોગ થયો હશે તો તે જાહેરાત લેવાશે નહીં અથવા તેની **મેટરમાં જાહેરાતકર્તાને જણાવ્યા-પૂછ્યા વિના ફેરફાર કરવા બાબતે તંત્રીએ લીધેલ નિર્ણય પણ સર્વ સંબંધિતોને બંધનકર્તા રહેશે.**

**આ રીતે પાના ક્રમાંક-સ્થાનમાં, અંકમાં કે મેટરમાં ફેરફાર થયેલ જાહેરાતના ચાર્જીસ પૂરેપૂરા ચૂકવવા પાત્ર રહેશે.**

બધી જાહેરાતો, લેખો, સમાચાર તેમજ સંપૂર્ણ અંકનું માળખું કઈ રીતે પ્રયોજવું તેનો આખરી અને અંતિમ નિર્ણય ફક્ત તંત્રી દ્વારા જ લેવામાં આવે છે. આ બાબતે સહતંત્રી કે અન્ય કોઈ વ્યક્તિ નિર્ણય લઈ શકતા નથી તેની નોંધ લેવા વિનંતી છે.

## ભાતબજારમાં વર્ષો પહેલાં અસ્તિત્વ ધરાવતી આપણી વીસીઓ.

**નોંધ :** આ લેખનો ઉદ્દેશ આપણી બહેનોના પરિશ્રમ, સાહસ જેવા ગુણોને ઉજાગર કરવાનો છે. - લેખક

વીસી કે લૉજનો ખરો અર્થ ભલે બીજો કોઈ થતો હોય, પણ આ લેખમાં એનો અર્થ 'જ્યાં પૈસા આપીને જમવાનું મળી રહે એની જગ્યા કે ઘર' એટલો જ લેવાનો. આજથી આશરે સવાસો વર્ષ પહેલાં ભાતબજારમાં આપણી વીસીઓ શરૂ થઈ હોય એવો મારા અંદાજ છે અને ત્યારે જમવાનો આખા મહિનાનો ચાર્જ માંડ પાંચ કે છ રૂપિયા હશે. વર્ષે બે વર્ષે એક-બે રૂપિયાનો વધારો તો ઘણો કહેવાય.

મારા માસા સસરા સ્વ. શામજી ચાંપશી દંડ (મંજલ) મને કહેતા કે તેઓ પંદર વર્ષની ઉંમરે મહિને બાર રૂપિયા કમાતા. તેમાંથી વીસીનો આઠ રૂપિયા ચાર્જ ભર્યા પછી પણ તેમની પાસે ચાર રૂપિયા બચતા. તેમાંથી તેઓ મુંબઈમાં વિવિધ જગ્યાએ ફરતા અને મહિને એકાદ વાર ભાંગવાડીમાં નાટક પણ જોતા. જરૂર પડ્યે કચ્છમાં પણ પૈસા મોકલતા. બચત અવશ્ય કરતા. વળી તે વખતે વીસીમાં, સવારમાં ચા સાથે માખણ-માની અથવા તો અસલી ઘી વાળો બાજરાનો રોટલો મળતો. જમનારના કુટુંબ જેવા જ સંબંધો રહેતા. પ્રેમથી બે રોટલી વધારે જમાડતા.

તે વખતે ભાતબજાર અને દાણાબંદરમાં આપણી પંદર કરતાં પણ વધુ વીસીઓ હતી. મુંબઈમાં મારો વ્યવસ્થિત અભ્યાસ શરૂ થયો (ઈ. સ. ૧૯૬૦) એ પહેલાં અમુક વીસીઓ બંધ પણ થઈ ગઈ હોય એવી શક્યતાઓ ખરી. છોકરો મોટો થાય (એટલે કે ૧૫-૧૬ વર્ષનો થાય અને કમાતો-ધમાતો થાય) એટલે વીસી બંધ કરી દેતા. બીમારી અથવા તો મોટી ઉંમરને કારણે પતિ વહેલો ગુજરી જતાં અને બાળકો નાનાં હોવાને કારણે, વીસીનો ધંધો હાથવગો અને સલામત હોવાથી અમુક વિધવા બહેનો વીસી શરૂ કરી દેતી.

જૂના અનંતભુવનમાં એક અને નવા અનંતભુવનમાં બે વીસીઓહતી. અરદેસર મેન્સનમાં (ફુવારાની સામે) હું જમતો તે વીસી બાઈશ્રી ગંગાબાઈ મોતા (લાખણિયા, માવિત્ર પક્ષે ગામ સાંધવ) ચલાવતાં. પૂ. બાઈશ્રીએ પોતાનાં બે દીકરા અને એક દીકરીને ભણાવ્યાં, ગણાવ્યાં અને સારી જગ્યાએ પરણાવ્યાં. ધન્ય છે બાઈશ્રીની હિંમ્મત અને સૂઝબૂજને! મુંબઈ મહાજનના ભૂ. પૂ. પ્રમુખશ્રી હીરાચંદ પટેલ એ સમયે મારી સાથે ત્યાં જ જમતા, એ સહેજ.

એવી જ રીતે લોજ ચલાવીને એક બહેને પોતાની ચાર દીકરીઓને ઉછેરીને, સારી જગ્યાએ પરણાવી હતી. વૃદ્ધાવસ્થામાં કોઈની પણ મોહતાજી સ્વીકાર્યા વગર તેમણે ખુમારીથી જિંદગી પસાર કરી હતી! એ બહેનને મારાં નમન. ટોકરશી શામજી અથવા તો દામજી મેઘજી એ બેમાંથી કોઈ એક માળામાં તેઓશ્રી લૉજ ચલાવતાં. હું એમને ત્યાં (નજીકના સગા હોવાને કારણે) ફક્ત એક જ વાર જમવા ગયો હતો. (જૂના જમાનામાં નાના અને મોટા વચ્ચે મજબૂત દીવાલ ચણી દેવામાં આવતી અને ફક્ત મરણ પ્રસંગે જ આવન-જાવન રહેતી.) અમારું કુટુંબ ભૂ. પૂ. નાની ન્યાતમાં હોવાને કારણે મારી સગી (બે) ફોઈઓનાં કુટુંબો જોડે પણ સંબંધો (જેવા હોવા જોઈએ એવા) હતા નહિ.

અરદેશર મેન્સનની બાજુમાં જ 'ગટરવાળા માળા' તરીકે ઓળખાતી એક બિલ્ડિંગમાં એક લૉજ ચાલતી. ત્યાં પણ હું થોડા દિવસ જમ્યો છું. એક લૉજ પાલાણીવાળા માળામાં થોડા દિવસ માટે શરૂ થઈ હતી. આ લૉજ ચલાવનાર બે ભાઈઓમાંથી એક ભાઈએ આગળ જતાં પ્રબોધ મેન્સન (દાણાબંદર)માં લૉજ શરૂ કરી હતી એવું મેં સાંભળ્યું હતું. લોખંડના પુલની બાજુના મકાન 'ઈસ્માઈલ બિલ્ડિંગ' માં એક બહેન લૉજ ચલાવતા.

હવે પાછા વળતાં-વળતાં ફરી પાછા ભાતબજારમાં

અનુસંધાન પાના નં. ૧૫ પર

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કૉન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

શ્રી મહાકાલીકાયે નમઃ　　શ્રી આદિનાથાય નમઃ　　શ્રી ગુણસાગર સૂરિયે નમઃ

# શ્રી કચ્છી વીશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન

## શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘ આયોજિત

## બાલિકાઓ કરી લેજો તૈયારી

## • ધાર્મિક શિબીરની આવે છે સવારી •

શ્રી આદિનાથદાદાની છત્રછાયામાં, સૂરીત્રયની કૃપા, આજ્ઞા, આશિષે, સાધ્વી મુખ્યા પ.પૂ.નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા પરમ વિદુષી પ.પૂ.પુણ્યોદયશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા **પ.પૂ. સમકિતગુણાશ્રીજી મ. સા. પ.પૂ.રક્ષીતગુણાશ્રીજી મ.સા. જિનેશ્વરગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં તા.૫/૧૧/૧૬ શનિવાર, કા.સુદ–૬ થી તા.૯/૧૧/૧૬ બુધવાર કા.સુદ–૧૦ પંચ દિવસીય આર્ય ગુણ સમય કન્યા ધાર્મિક શિબીર.**

'મોલ ને મોબાઈલ, ફ્રીજને ફીયાટ, કમ્પ્યુટરને કેમ્પની મોજ માણી પણ આધ્યાત્મિક મસ્તી માણવા, ચહેરો જો ગુલાબની છાબ જેવો જોઈતો હોય અને જીવન ખુલ્લી કીતાબ જેવો જોઈતો હોય અને સિંહ જેવા સત્વનો રૂઆબ' જોઈ તો હોય તો દિવાળીની પૂર્ણાહુતીએ નિરંજન પુણ્ય વિપુલ ધાર્મિક શિબીરનો ગોલ્ડન ચાન્સ.

### DO YOU KNOW WHAT IS SHIBIR

| S - સેલ્વેશન | H - હોનેસ્ટી | I - ઈન્ફોરમેશન | B - બેઝીક | I - આઈડીયલ | R - રીલીજીયન |
|---|---|---|---|---|---|

- 'Beautiful are developments by the negatives in a dark room'
- The Journey from boring to a joyfull, enjoyable, vacation during this Diwali Only for you, come, gain knowledge, learn and implement.
- A grand welcome to our dearest girls to this wonderful shibir

માનવ જીવન મળ્યો આપ સૌથી બેસ્ટ
પૂજ્યશ્રી પાસેથી શિબીરમેં મલથી સુસંસ્કારેજી ભેટ
સંસ્કાર મેળવી કર્જો જીવનમેં સુંદર ટેસ્ટ
ન કર્જ તું શિબીરમેં અચેજો લેઇટ

જિસમેં નહીં હોગી તત્વજ્ઞાન ઔર આરાધના કી બાતે,
પરંતુ સાથ મેં હોંગી, આર્ય સતીત્વ ઔર ખુમારી કી બાતે,
શિબીરમેં આયેંગે તો ખુલેંગા પુણ્ય કી બેંકમેં ખાતા,
હીર, મિલ જાયેંગા જીવન ઉપયોગી સુસંસ્કાર કા ભાતા

તો આદિનાથ દરબાર મેં પધારીયે With Friend,
કન્યા શિબીર કો દેખને ઔર જાનને કે લીએ New Trend

**આ સાથે શિબિરના ફોર્મ સામેના પાને આપેલ છે તે સારા અક્ષરે ભરી નીચેના સેન્ટરો મધ્યે તા. ૧૩-૯-૨૦૧૬ સુધી આપી જવા**

| | | |
|---|---|---|
| (૧) શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘ<br>૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,<br>દેવચંદ હીરજી મોતા ઉપાશ્રય,<br>ચીંચબંદર, મુંબઈ – ૦૯. | (૨) જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય<br>દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ – ૪૦૦૦૭૭<br>**શ્રી યોગેન્દ્રભાઈ - ૨૫૦૧૦૨૨૯** | (૩) શ્રી મુલુંડ શ્વે. મુ. જૈન સંઘ<br>૪૫/૫૫, જવેર રોડ, મુલુંડ (વે.)<br>**શ્રી જયંતીભાઈ (જેડી) ૨૫૬૭૧૧૭૦ / ૯૮૭૦૪૪૬૬૩૬** |
| (૪) માટુંગા ક. શ્વે. મૂ. પૂ. જૈન સંઘ<br>નારાણજી શામજી વાડી,<br>ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ – ૧૯.<br>**રમણીકભાઈ ૨૪૦૧૩૬૩૧** | (૫) શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ ભાંડુપ<br>૧૦૪/૧૦૮, શ્રી શક્તિ શોપીંગ આર્કેડ,<br>L.B.S. રોડ, ભાંડુપ (વે.)<br>**કિર્તીભાઈ - ૯૮૬૭૩૭૬૩૯૯/૨૫૯૫૩૨૧૪** | (૬) શ્રી ડોંબીવલી અચલગચ્છ જૈન સંઘ<br>શ્રી સુવિધીનાથ જૈન દેરાસર,<br>માનપાડા રોડ, ગોદરેજ શો રૂમની સામે,<br>ડોંબિવલી (ઈ.) ૪૨૧૨૦૧ |
| (૭) ક.વિ.ઓ. જૈન સંઘ અંબરનાથ<br>જુના ભિંડીપાડા, અંબરનાથ (વે.)<br>૪૨૧૫૦૧ :<br>**લક્ષ્મીચંદભાઈ : ૮૦૮૦૮૫૪૧૪૧** | (૮) શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ<br>૪૮/૭, એમ. જી. કોમ્પલેક્ષ, સેક્ટર નં. ૧૪,<br>વાશી, નવી મુંબઈ – ૪૦૦૭૦૩<br>**ચંદ્રકાંત છેડા : ૨૭૬૫૮૬૦૧** | (૯) જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ<br>હરદેવી સોસાયટી ગેટ નં. ૩, ઓપ. બેંક ઓફ બરોડા, સ્ટેશન રોડ, જોગેશ્વરી (ઈ.) મું. ૬૦.<br>**શ્રી છગન ભીમશી સંગોઈ - ૯૮૭૦૦૬૧૭૪૯ / ૨૮૨૪૦૩૦૦** |
| (૧૦) વેરાયટી સ્ટોર્સ<br>એસ. વી. રોડ, જયા ટોકીઝની સામે,<br>બોરીવલી (વે.) મું. ૪૦૦૦૯૨<br>**શ્રી વસંતભાઈ મામણીયા-૯૮૨૦૩૪૧૮૬૬** | (૧૧) દહિસર અચલગચ્છ જૈન સંઘ<br>શીવકૃપા બિલ્ડીંગ, મિસ્કીટા નગર,<br>દહિસર (ઈ.), મુંબઈ – ૪૦૦૦૬૮<br>**રેખાબેન - ૯૮૧૯૮૦૨૨૪૫** | (૧૨) વસઈ અચલગચ્છ જૈન દેરાસર<br>'૧૦૦' ફીટ રોડ, ગલ્લી નં. ૫, વસઈ (વે.)<br>**જ્યોતીબેન - ૯૩૨૧૮૯૩૬૩૧** |
| (૧૩) શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ<br>જયાબેન વસનજી પાલણ મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રીપાલ કોમ્પલેક્ષ, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ)<br>**હેમંતભાઈ ૯૦૭૫૮૮૯૯૮૯** | (૧૪) સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ<br>૪૫, મયુર બિલ્ડીંગ, તીલક રોડ,<br>T.P.H. ટ્રાવેલ્સની સામે, સાંતાક્રુઝ (વે.) | (૧૫) શ્રી અચલગચ્છ જૈન સંઘ<br>નવઘર રોડ, અલ્હાબાદ બેંકની સામે, મુલુંડ (ઈ.)<br>**કાંતીભાઈ - ૨૧૬૩૫૪૧૨** |

**તા.ક. :- શિબિરના ફોર્મ આ સાથે સામે આપેલ પાના પર છે તેની ઝેરોક્ષ કાઢી ભરવા અથવા ઉપરોક્ત સેંટરો પર પણ આ ફોર્મ મળી શકશે. ફોર્મ સારા અક્ષરે પૂર્ણ ભરીને જ આપવું.**

શ્રી મહાકાલીકાયે નમઃ   શ્રી આદીનાથાય નમઃ   શ્રી ગુણસાગર સૂરિયે નમઃ

# શ્રી કચ્છી વીશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન

## શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘ આયોજિત

## • આર્ય ગુણ સમય કન્યા ધાર્મિક શિબિર •

**બાલિકાઓ – યુવતીઓ વય ૧૨ થી ૨૫ માટે (only Girls)**

ફોર્મ નં.

**• દિવ્ય કૃપા •**

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ. સા.

**• શુભ આશિષ •**

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.

સાહિત્યરત્ન પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ. સા.
આદિ પૂજ્યશ્રીઓ

ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૩/૯/૧૬

લેટેસ્ટ ફોટો અહીં લગાડવો

**• દિવ્ય દેવલોકથી આશિષ દેતા નિરંજન - પુણ્ય ગુરૂવરા •**

વ્યવહાર કુશલા પ.પૂ.સા. વિપુલગુણાશ્રીજી મ. મોકલે આશિષ મંગલકારા

**• શુભ નિશ્રા •**

પ. પૂ. સા. સમકિતગુણાશ્રીજી મ. સા., પૂ. સા. રક્ષિતગુણાશ્રીજી મ. સા.
પૂ. સા. જિનેશ્વરગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણા - ૩

શિબિર પ્રારંભ તા. ૫/૧૧/૧૬ શનિવાર

શિબિર પૂર્ણાહુતિ તા. ૯/૧૧/૧૬ બુધવાર

**• શિબર સ્થળ •**

શ્રી કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજનવાડી
શ્રી દેવચંદ હીરજી મોતા જૈન ઉપાશ્રય, બીજે માળે, ૯૯/૧૦૧,
કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯.

- - - - - - - - - - - - - - - - - - - -

પુરૂ નામ : ____________________ વય : ______ ગામ : ______

સરનામું : ____________________

____________________

____________________ પીન કોડ : ______

ફોન (મો.) : ____________ (ઘર) : ____________ STD CODE : ____________

વ્યવહારિક અભ્યાસ : ____________ માધ્યમ : ગુજરાતી ☐ અંગ્રેજી ☐ હિન્દી ☐

ધાર્મિક અભ્યાસ : ____________________

અગાઉની શિબિરોમાં જોડાયા હતા? ____________ હા ☐ ના ☐ કેટલી : ___

કોની પ્રેરણાથી આ શિબિરમાં જોડાયા છો ? ____________________

આપની મનગમતી પ્રવૃતિ / શોખ : ____________________

**શિબિરના નિયમોને માન્ય રાખી શિબિરમાં શિસ્તપૂર્વક રહીશ. મારો ફોર્મ મંજૂર કરશો.**

શિબિરાર્થીની સહી : ____________ વડીલની સહી : ____________

- - - - - - - - - - - - - - - - - - - -

**-: નોંધ :-**

- બે ફોટા સાથે લાવવા
- ઉપરોક્ત ફોર્મની ઝેરોક્ષ કોપી ચાલશે
- શિબિરાર્થીએ જ્ઞાન પાંચમના શુભ દિવસે તા. ૪/૧૧/૧૬ શુક્રવારના બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં આવી જવું
- મર્યાદિત સંખ્યામાં ફોર્મ સ્વીકારવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરીને મોકલાવવા વિનંતી
- વધુ વિગત માટે સંપર્ક : નીલમબેન - ૮૦૦૭૨૦૦૧૧૦ (૧ થી ૪) / ૯૮૨૦૦૨૨૬૩૨ - તલકશીભાઈ

**-: સૂચના :-**

- સામાયિકના ઉપકરણ, પૂજાના વસ્ત્ર, બટવો, ગરમ શાલ, પંચ - પ્રતિક્રમણ પુસ્તક, સો પાનાની નાની નોટબુક, પેન
- જોખમી વસ્તુ સાથે લાવવી નહી. લાવશો તો પોતાની જવાબદારી રહેશે
- વેસ્ટર્ન કપડા પહેરવા માટે લાવવા નહી

## વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

વહીવંચાની વહીઓમાં સોની ગોત્રની ઉત્પત્તિનો ઈતિહાસ આ મુજબ છે : ભગવાન આદિનારાયણથી ૬૧મી પેઢીએ યદુ વંશમાં શ્રીકૃષ્ણ થયા અન તેનાથી ૭૯મી પેઢીએ રાજા રિજદેવ થયા તેની રાજધાની શોણીતપુર (મિસર)માં હતી. રિજદેવે પોતાના બાહુબળથી હિમાલયનો વિશાળ પ્રદેશ તથા ઉત્તર-પશ્ચિમના મિશ્ર આદિ દેશો જીતી લીધા. મહાન વિજય મેળવી પોતાનું નામ દેવેન્દ્ર ધારણ કર્યું આ દેવેન્દ્રને ચાર પુત્રો થયા અસપત, ગજપત, નરપત અને ભૂપત.

અસપતે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો અને શોણિતપુરનો રાજવી થયો. નરપતે નવી પ્રદેશ જીતી ગજની શહરે વસાવ્યું અને ત્યાંનો રાજા થયો.

નરપતે જામની પદવી મેળવી. તેના વંશજો જાડેજા થયા.

ગજપતે સૂરતમાં ગાદી સ્થાપી. તેના વંશમાં થયેલ ચુડચંદ્રજીને તેના નાના ધરણીવારાહનું રાજવ વામનસ્થલી (વણથલી) મળ્યું. ચુડચંદ્રજીએ આજુબાજુનો પ્રદેશ જીતી તે પ્રદેશને સોરઠનું નામ આપ્યું. તેના વંશજો ચૂડાસમા થયા અને પાછળથી તેઓએ રાજધાની વામનસ્થળલીથી બદલાવી જુનાગઢ કરી.

સૌથી નાના ભૂપતે ભાટિયા નગર વસાવ્યું. તેના વંશજો ભાટી (ભટ્ટી) રાજપૂતો તરીકે ઓળખાયા અને જેસલમેરની સ્થાપના કરી અને રાજધાની બનાવી.

આ ભૂપતના વંશમાં પ્રથુસેન, અનંગપાળ, સુરાજ, મુળદેવ, વજેસંગ, મહીપાલ, મોતીચંદ, સોમચંદ થયા. સોમચંદના પુત્રો વીકમસી અને માનસી થયા. માનસીના સોનસી થયા તેમનો વ્યવસાય સોનાનો હતો તેથી સોની ઓળખ થઈ. ભટ્ટી વંશની અન્ય શાખાઓ રાંકા, કાલા, શેઠીયા, બોંક, બાંકા, ગોરા, દક, રાખેચા, લુણિયા, પુગલીયા, ભંડશાલી, ભુરા આદિ ગોત્રો થયા.

ઓસવાલ ક્ષત્રિય વૃતાંત પુસ્તકના લેખ ક્ષેમસિંહ મો. રાઠોડે સોની શાખાની ઉત્પત્તિ અંગે લખ્યું છે કે વીકુપરની ગાદીએ રાવલ કેલણ થયા, જેમણે વિક્રમ સવંત ૧૨૫૦(ઈ.સ. ૧૧૯૪)માં જૈન યતિશ્રી જિનચંદ્રસુરિ પાસે જૈન ધર્મ સ્વીકાર્યો. કેલણના ચાર પુત્રો, ગોરા, કાલા બાંકા અને રાંકા ઓસવાલ જ્ઞાતિમાં દાખલ થયા. રાંકાને શેરહત્થજી અને સોનયાલજી નામે બે પુત્રો હતા. શેરહત્થજીએ શેતીઓ ગામ વસાવ્યું અને તેના ઉપરથી તેમના સંતાનોની ઓળખ શેઠીયા થઈ અને બીજાપુત્ર સોનમાલજીએ આબુ નજીક સોનેહી ગામ વસાવ્યુ. તેના પરથી સોનપાલના કુટુંબની સોની શાખા થઈ. ઉક્ત બન્ને નોંધ પરથી ભટ્ટી વંશમાં સોની ગોત્ર થયું છે તે જાણી શકાય છે.

વહીવંચાની નોંધ મુજબ સોની પરિવારો પહેલા માડી ગામમાં હતા. ત્યાંથી ગામ કુકકાઉ આવ્યા અને ત્યાંથી રામપોરમાં રહ્યા. રામપોરથી જખૌ, કોઠારા અને વાંકુ ગયા છે. સવંત ૧૬૯૩(ઈ.સ.૧૬૩૭)માં વાંકુ આવ્યા તેવી નોંધ મળે છે. અન્ય ટુંકી નોંધો જોવા મળે છે. જે સોની પરિવારોના સ્થળાંતર પર પ્રકાશ પાડે છે. હરધોર કારીઆણી વાંકુ આવી વસ્યા. વાંકુવારા ડુંગરસી નેણસી શામજી સાંયરા છે.


## વડીલોને શ્રધ્ધા સુમન

**૧લી પુણ્યતિથી**



તા. ૨૪-૮-૨૦૧૫

**માતુશ્રી પુરબાઈ ઉમરશી ટોકરશી મૈશેરી**

**૫૦મી પુણ્યતિથી**



તા. ૫-૭-૧૯૬૬

**પિતાશ્રી ઉમરશી ટોકરશી મૈશેરી**

**માતુશ્રી પુરબાઈ ઉમરશી ટોકરશી મૈશેરી પરિવાર,** મોટી સિંધોડી



## WANTED IMMEDIATELY

**for Office at L.B.S. Marg, Vikhroli**

1. ACCOUNTANT & Care Taker for Property with knowledge of computer. Part time or Full time.

2. OFFICE ASSISTANT & Data Entry Operator with Good Knowledge of "Word" "Excel" & Social Media Management.

Email Resume to : **jinendrashah@yahoo.com**

What's App: **+919820101234**

**No calls please.**

કોઠારાવારા વસતા વણીવારનો પરિવાર સુથરી છે. નેણસી ખીંયસી સોની કોઠારાવારા (લગ્ન સવંત ૧૯૬૫માં) હવે સુથરીમાં છે. સુથરીવાળા સોની લાલજી ગોવા જખૌ છે. તેઓ જખૌના શિઆલ કુંવરજી પુનશીની પુત્રીને પરણ્યા, કદાચ તેથી જખૌ વસ્યા હશે.

વાંકુવારા મુરજી સવસી જખૌ છે. આ મુરજી સવસીના પુત્ર જવેરચંદના લગ્ન સં. ૨૦૧૧ માગસર સોદ ૩ના મંજલથી દેઢિયા ગોત્રિય શા. વેલજી કાનજીની પુત્રી વેરે થયેલ. જે દેઢિયા ગોત્ર આપણામાં હતું તે દર્શાવે છે. હાલારમાં દેઢિયાને દોઢિયા કહે છે. હાલાર વિભાગમાં આપણી જ્ઞાતિમાં પહેલા દોઢિયા નુખ હતી. હવે તેઓ લાલાકા નૂખ વાપરે છે. વાંકુના તેજપાર દેવરાજાણી તથા શામજી તેજપારાણી સાંયરામાં છે. વાંકુવારા સોની પત્રામલ લાલજી સાંયરે છે. વાંકુના સોની મુરજી દેવજી સુથરીમાં છે. એમના લગ્ન સુથરીમાં ઠાકરસી વેરસી લોડાયા (પીર)ની પુત્રી મઠાબાઈ સાથે થયેલ અને કદાચ તે કારણે સ્થળાંતર થયેલ હશે. આ મુરજી દેવજીનો પુત્ર ધનજી સવંત ૨૦૦૬નાં ૧૪ વરસે દીક્ષા લીધેલ. વાંકુના સોની કેશવજી મેગજી લાલે છે. સોની રામપોરવારા કાનજી જખૌમાં છે તે નિર્વંશ ગયેલ છે. સોની રામપોરવારા સોદેના જખૌ છે.

ઈ.સ. ૧૯૨૫માં પ્રથમ વસતિ પત્રકમાં સોની ગોત્રની સંખ્યા ૧૧૯ હતી જે પૈકી વાંકુમાં ૬૩, સુથરીમાં ૨૪, સાંયરે ૧૫, જખૌ ૧૫ તથા લાલામાં ૨ની સંખ્યા હતી. ઉપરોક્ત નોંધો તથા વાંકુમાં સોની પરિવારની સંખ્યા જોતા રામપોરથી મુખ્ય વસવાટનું કેન્દ્ર વાંકુ બન્યું છે તે જણાય છે. વળી જખૌ તથા સાયંરાના સોની પરિવારો મૂળમાતાનું સ્થાન વાંકુ જણાવે છે જે પરથી સોની ગોત્રનું વર્તમાન મુખ્ય ગામ વાંકુ છે.

વાંકુના હીરજી જેઠાબાઈ સોનીએ ભારમલ રતનશી લોડાયા સાથે મળી અજિતનાથ જિનાલયનું નિર્માણ તથા પ્રતિષ્ઠા વિક્રમ સવંત ૧૯૫૦ ફાગણ સુદ ૨ તા. ૯-૩-૧૮૯૪ ના વાંકુ ગામે કરેલ છે. સોની પરિવારની થોડી પાંખડીઓની વંશાવલી નીચે મુજબ છે.

(૧) સુથરી : પંકજ, રાયચંદ, લધુભાઈ, નેણસી, ખીંયસી, વેલજી, ભારમલ, ખેતલ, સવસી, તોરેયો, હલરાજ, વસ્તો, વણવીર, પોનસી, હાંસો, ભોવજો, ડુંગર, અભો, મેઅજર, ભોણુ, જગરીઓ, જીવરાજાણી, ભીંયાણી, પુરષોતમ, અમલાણી.

(૨) સુથરી : હીરેન, મેગજી, લખમસી, ખીંયસી, વેલજી, ભારમલ, ખેતલ.... આગળ નં. ૧ મુજબ

(૩) જખૌ : વીર, વીપુલ, વસનજી, લાલજી, ગોવા, હીરજી, ભારમલ, ખેતલ.... આગળ નં. ૧ મુજબ

(૪) સુથરી : ભાવિન, જયંતીલાલ, ભવાનજી, કાનજી, સવજી, નાથા, ખેતલ.... આગળ નં. ૧ મુજબ

(૫) સુથરી : દેવજી, નરશી, લધા, જીવરાજ, સવજી, નાથા, ખેતલ..... આગળ નં. ૧ મુજબ

(૬) વાંકુ : રિતેન, પ્રફુલ્લ, લક્ષ્મીચંદ, ત્રીકમ, વીરા, ઉકેડા, દેરાજ, રામદે, પાસડ, કોરપાર, ધનરાજ, હરધોર, કીહીયું, શામર, રાઘવ ડુંગર, આભો... આગળ નં. ૧ મુજબ

(૭) વાંકુ : દેઅસી, હીરજી, હંસરાજ, ખેતલ, પોનસી, મેરગ, સારંગ, મેગરાજ, ધનરાજ, હરધોર, કાહીયું, શામર, રાઘવ, ડુંગર... આગળ નં. ૧ મુજબ

(૮) જખૌ : જવેરચંદ, મુરજી, સવસી, માલસી, પરબત, સવરાજ, મેરગ, સારંગ, મેગરાજ, ધનરાજ, હરધોર, કાહીયું, સામર, રાઘવ, ડુંગર.. આગળ નં. ૧ મુજબ

(૯) વાંકુ : ભારમલ, કુંવરજી, કોરસી, વેરસી, સવરજ, મેરગ, સારંગ (આગળ નં. ૮ મુજબ)

(૧૦) સાંયરા : ભુપેશ, પંકજ, ડુંગરસી, નેણસી, શામજી, તેજપાર, દેવરાજ, સવરાજ, મેરગ, સારંગ.... આગળ નં. ૮ મુજબ

(૧૧) વાંકુ : વિજય, વસનજી, ઉમરસી, નાગસી, ડુંગર, સવરાજ, મેરગ, સારંગ.... આગળ નં. ૮ મુજબ

(૧૨) વાંકુ : કેશવજી, દેવસી, મહીયુ, દામજી, ખીંયસી, ભોજરાજ, દેસર, સારંગ... આગળ નં. ૮ મુજબ

(૧૩) વાંકુ : ખેતસી, નરશી, માણેક, આશારીયો, ખેતસી, દેવજી, દેસર, સારંગ... આગળ નં. ૮ મુજબ

(૧૪) વાંકુ : મુકેશ, વિજય, નવિનચંદ્ર, વેરસી, નરપાર, નેણસી, ભીંયસી, ખેતસી, દેવજી, દેસર, સારંગ.... આગળ નં. ૮ મુજબ

(૧૫) સાંયરા : પ્રકાશ, લક્ષ્મીચંદ, પત્રામલ, લાલજી,

અનુસંધાન ૧૦મા પાને નીચેની તરફ

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી ફાયબર - રેષા - ભાગ ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

અનાજની રચના જોઇએ તો તેમાં ૩ ભાગ હોય, એમાં ઘણાનું બહારનું કવચ - આવરણ હોય એમાં ફાયબર હોય. લોટને શાળીએ તો ઉપરનું કવચ છોડા, જેમાં ફાયબર હોટાને નીકળી જાય અને આપણે તે ફેંકી દઇએ છીએ. એજ રીતે લાલ ચોખાને છડીએ તો ઉપરનું ફાયબર ધરાવતા આવરણ પણ નીકળી જાય, માટે છડયા વગરના લાલ ચોખા, બધા પ્રકારના અનાજ એટલે કે હોલગ્રેઈનનો આપણે ખાતામાં ઉપયોગ કરીએ તો ફાયબર મળે.

બાજરીમાં ફાયબર સાથે ફાયટીક એસીડ અને નીયાસીન હોશ છે, જે કોલેસ્ટ્રોલ ઘટાડે છે. જો લોકો દિવસમાં ઓછામાં ઓછું એકવાર અનાજ (હોલગ્રેઈન) ઘઉ, બાજર, જુવાર, મગ, તુવેર, મસુર, મઠ વગેરે ખાય છે તેમને હાર્ટઅટેકનું જોખમ ઓછું હોય છે. ઘઊનાં રેડીમેડ લોટમાં મેંદો હોય જ છે. મેંદાને લીધે રોટલી સારી લાગે પણ મેંદો આરોગ્ય માટે સોથી ખરાબ - પોષણ ઓછું મળે, ફાયબર પણ ન હોય તેથી જ આરોગ્ય જાળવવું હોય તો તૈયાર લોટનો ત્યાગ. કરો મેંદાને કારણે લોહીમાં ટ્રાયગ્લિસરાઈડ્સ નામની ચરબી વધે, લોહીમાં અચાનક સાકર વધે, મળ વાટે L.D.L. (ખરાબ) કોલેસ્ટ્રોલ નીકળવામાં રૂકાવટ થાય, કબજીયાત, આંતરડાનું કેન્સર, વજનનો વધારો વગેરે થઈ શકે. વ્યાયામ કે શ્રમ નથી કરતાં હોય તેમણે તો ભૂલે ચૂકે મેંદાની વસ્તુ ખાવી નહિં. મેંદાની રોટલી, બિસ્કિટ, નાનખટાઈ, કેંક, પ્રેસ્ટ્રીજ, સફેદ બ્રેડ, પીઝા વગેરે ખાવાનું ટાળો.

મોટા ભાગના આપણે પોલીશ કરેલા સફેદ ચોખા ખાઈએ છીએ. જે લોહીમાં હીમોગસીસ્ટીન, એલ.ડી.એલ. (ખરાબ) કોલેસ્ટ્રોલ વધારે છે જે હાર્ટએટેક ને આમંત્રે છે. લોહીમાં સાકર અને ટ્રાયગ્લીસરાઈડ પણ વધારે છે. છડ્યા વગરના લાલ (બ્રાઉન) ચોખા વધુ આરોગ્યદાયી છે. કઠોળ, ફણગાવેલા મગ, મઠમાં પુષ્કળ ફાયબર ઉપરાંત પ્રોટીન, બી કોમ્પ્લેક્સ અને બીજા વિટામીન હોય છે. ટમેટામાં ફાયબર ઉપરાંત લાયકોપેન નામનું ઉપયોગી રસાયણ-ફાયટો-ન્યુટ્રીઅન્ટ હોય છે. બ્રોકોલી, ફ્લાવર અને એ જાતના શાકભાજીમાં ભરપુર એન્ટઓડિસડન્ટ, ફાયરોન્યુટ્રીઅનરસ્ અને સલ્ફોરાફેન રસાયણ હોય છે. જે કેન્સરના સેલને મારવાની શક્તિ ધરાવે છે. ટમેટા ટોટલ કોલસ્ટ્રોલ, એલ.ડી.એલ (ખરાબ) કોલેસ્ટ્રોલ અને ટ્રાયગરીસરાઈડ ધરાડે છે. તેથી હાર્ટ અટેકનું જોખમ ઓછું થાય છે. એલચીમાં પુષ્કળ ફાયબર હોય છે. સાથે તે પેશાબ વધારનાર હોવાથી હાય બી.પી. હોય તો તે ઓછું કરે છે. ઈસબગુલ જે એક પ્રકારના ધાન્યના છોડા છે તેમાં ફાયબર હોય છે. ૩ થી ૪ ચમચો ઈસબગુલ પાકમાં નામી લેવાથી પુષ્કળ ફાયબર મળે, પણ ઇસબગુલ નિયમિત લેવા કરતાં શાકભાજી, ફળ, ડ્રાયફ્રુટ ખાવા ઉત્તમ.

ફળોમાં છાલ સાથેના જામફળ, સફરજન, ચીકુમાં ફાયબર હોય છે. મોસંબી, સંતરા પોષણ સાથે ફાયબર આપે છે. લીંબુમાં ૧.૮% ફાયબર, વિટામીન સી, લોહ, કાર્બોદિત પદાર્થ, પ્રોટીન ઉપ-પોટેશ્યમ હોય છે. જે સફરજન અને દ્રાક્ષ કરતાં વધુ હોય છે. પોટેશ્યમ હૃદય માટે ખૂબ ઉપયોગી છે. સર એડમન્ડ હીલેરીના કહેવા મુજબ એવરેસ્ટ સર કરવામાં લીંબુનું યોગસન મોટું છે. લેહ-લડાખ જેવી ઉંચાઈવાળી જગ્યાએ જ્યાં પ્રાણવાયુ ઓછું હોય છે, ત્યાં ફરવા જનારને શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે લીંબુ શરબત સહાયરૂપ થાય છે.(લીંબુનો રસ હંમેશા પાણી સાથે મેળવી - શરબત બનાવી લેવું કારણ ફક્ત લીંબુનો ફક્ત લીંબુનો રસ દાતનાં ઈનેમલને નુકસાન કરે છે).

લીચીમાં ફાયબર, વિટામીન સી, પોટેશ્યમ પુષ્કળ માત્રામાં હોય છે. ફાયેટરી ફાયબર સફરજન જેટલું હોય છે. એમાં ફ્લેવોન્સ, ક્યુઅરસીટીન અને કોમ્ફેરોલ નામના કેમીકલ્સ હોય છે જે કેન્સરના સેલને વધતા અટકાવે છે. લીચી બી.પી. અને હૃદયના ધબકારા નોરમલ કરે છે.

---

**વહીવંચા** ૯મા પાનાથી ચાલુ

નાગશી, લખમશી, કરમણ, દેવજી, દસેર, સારંગ.... આગળ નં. ૮ મુજબ

(૧૬) વાંકુ : ડુંગરસી, મુરજી, દેવજી, લાલજી, નાગશી, લખમસી, કરમણ, દેવજી, દેસર, સારંગ... આગળ નં. ૮ મુજબ

(૧૭) વાંકુ : ખીમીલ, નરેશ, દામજી, નરસી, લીલાધર, નાગશી, લખમશી, કરમણ, દેવજી, દેસર, સારંગ.... આગળ નં. ૮ મુજબ

(૧૮) લાલા : મેહુલ, ગુલાબ, પદમસી, કેશવજી, મેગજી, સોજપાર, ઉકેડા, અરજણ, દેસર, સારંગ.... આગળ નં. ૮ મુજબ

(૧૯) જખૌ : નીમેશ, ખુશાલચંદ, રતીલાલ, ઘેલા, વેરસી, સોદે, મેગરાજ, ભારમલ, હીરા, ઉદેસી, કાનુ, લખીયો, જગો, કાહીયો, સામર, રાગવ... આગળ નં. ૧ મુજબ

(૨૦) જખૌ : ધવલ, લહેરચંદ, વસનજી, શામજી, વેરસી, સોદે (આગળ નં. ૧૯ મુજબ)

(અન્ય એક વહીમાં ડુંગર, અભા પછીની વંશાવલીમાં થોડે ફરક આવે છે. તે મુજબ ડુંગર, અભો, ખેતસી, ભોરના, ભોજાણી, જેવતાણી, મહીજરાની, ભોણું, વરધો, માલાણી આવે છે. વહીવંચાની જુની વહીઓમાંથી ઉતારા કરતી વખતની ક્ષતિઓ કારણભૂત હોઈ શકે છે.)

અનાનસમાં ફાયબર વધુ હોય છે જ્યારે ચરબી અને કોલેસ્ટ્રોલ એકદમ ઓછા પ્રમાણમાં હોય છે. પેર નામનું ફળ વિટામીન બીર, સી, ઈ, કોપર અને પોટેશ્યમ સાથે પુષ્કળ ફાયબર ધરાવે છે. તેમાં પ્રોટીન નામના પાણીમાં ઓગળતું ફાયબર સફરજન કરતાં પણ વધુ પ્રમાણમાં હોય છે. આ ફળ નિયમિત ખાવાથી કોલેસ્ટ્રોલ ઘટે છે, સ્તન કેન્સર, હૃદયરોગ અને ટાઈપેટું ડાયાબીટીઝ (મોટી ઉમરે થતું ડાયાબીટીઝ)નું જોખમ ઘટે છે. કબજીયાત મરે છે અને કોલોન (મોટા આંતરડાનો છેવટના ભાગ) નું કેન્સર થતું નથી.

ફળમાં રહેલ બોરોનને લીધે શરીરની અંદર કેલશ્યિમ જળવાઈ રહે છે અને ઓસ્ટીયોપોરોસીસ (હાડકાનું છીદ્રાળુપણુ) થતું નથી અને તેથી જલ્દી ફ્રેક્ચર થતા નથી. ફણસમાં ફાયબર સાથે તેમાં રહેલા વિટામીન સી ને લીધે પ્રતિકાર શક્તિ વધે. આંખો, ચામડી નિરોગી રહે છે અને ચામડી યુવાન જેવી રહે છે. તેમાં રહેલા કોપરને લીધે થાયરોઈડનું કામ બરાબર થાય છે. પુષ્કળ મેગેંનીઝ હોવાથી સાકરની માત્રા જાળવી રાખે છે, પોટેશ્યિમને લીધે બી.પી.નું લેવલ જાળવી રાખે છે, ઉંચી માત્રાના ફાયબરને લીધે કબજીયાત થતી નથી.

આવળામાં ફાયબર ૩.૪% જેટલું હોય છે તે ઉપરાંત સૌથી વધુ વિટામીન સી હોય છે, યૌવન ટકાવી રાખે છે, સફેદ વાળ કાળા થાય છે. સીઝન હોય ત્યારે આવળા કે આવળાનો રસ અને વર્ષભર આવળાની સોપારી, મુરબ્બો, પાવડર (રસાયણ ચૂર્ણ, આવળા ચૂર્ણ, ત્રિફળા ચૂર્ણ) વગેરે લઈ પુષ્કળ ફાયદા મેળવી શકાય છે.

સ્ટ્રોબેરી, રાસ્પબેરી, ક્રેનબેરીમાં ફાયબર ઉપરાંત, ફોલીકએસિડ, વિટામીન સી અને બીજા પુષ્કળ એન્ટી એક્સિડન્ટ હોય છે.

પપૈયામાં ફારબર સાથે પેપેન અને કાયમોપેપેન નામના એન્જાઈમ (પારાકરસ) છે. જે શરીરની અંદરની સોજા મટાડે છે તેથી દમ, આમવાત (રૂમેટેડ આર્થરાઈટીઝ) જેવી બિમારીમાં નિયમિત લેવાથી ફાયદો થાય છે. એમાં પુષ્કળ વિટામીન સી.ઈ.અને બીટકેરોટીન છે, જે સોજા મટાડે છે. પપૈયા પાચન માટે ખૂબ સારા હોય છે.

મોસંબીમાં ફાયબર સાથે એસીડ હોય છે જે શરીરના ઝેરોને આંતરડા દ્વારા બહાર કાઢે છે અને શક્તિનો સ્રોત છે.

ડાયાબીટીઝ વાળા દરદીઓ ઓછી ગ્લાયસીમિક્સ ઈન્ડેક્ષવાળા ફળ એટલેકે પપેયું, સફરજન, દ્રાક્ષ, જાંબુ, સંતરા, પેર, મોસંબી અને જરરૂખ ખાઈ સારા એવા પ્રમાણમાં ફાયબર મેળવી એના ફાયદા લઈ શકે.

બધા પ્રકારના સુકામેવા (ડ્રાયફ્રુટ)માં ડાયેટરી ફાયબર હોય છે. બદામ, અખરોટ, પિસ્તામાં પુષ્કળ ડાયેટરી ફાયબર હોય છે. સુકામેવામાં સેચ્યુરેટેડ (બદામ)થી ઓછી અને મોનાક્યુઅરેટેડ અને પોલીચ્યુરેટેડ (સ્વરી) ચરબી વધુ હોય છે. કોલેસ્ટ્રોલ બિલ્કુલ હોતાં નથી. વિટામીન ઈ.બી. અને ઘણા ખનીજો હોય છે. એને લીધે બી.પી. ક્લેસિયમ નોરમલ થાય છે. હૃદયની બિમારીઓમાં અનુકૂલ થાય છે. મોટા ભાગના બિમારીઓ થતી અટકે છે.

ખજુરમાં સોલ્યુશન અને અનસોલ્યુશન બન્ને જાતના ફાયબર હોય છે. જે પચન તંત્રને મદદ કરે છે સાથે શરીરને શક્તિ અને ગરમી આપે છે.

અખરોટમાં ફાયબર સાથે ઓમેગા-૩, ફેટી એસીડ હોય છે. જે હૃદયના રોગ સંધીવાતની તકલીફમાં ફાયદો કરે છે. બદામમાં ફાયબર ઉપરાંત હૃદય માટે ખૂબ ઉપયોગી વિટામીન અને ખનીજો હોય છે.

બિલ્કુલ ફાયબર નથી એવા પદાર્થમાં દૂધ, દહી, લસ્સી, છાસ, યોગર્ટ, ઘી, તેલ, માંસ, મછલી વગેરે છે. કાચા શાકભાજી કે બાફેલા શાકભાજીનો રસ કાઢી એમને એમ પીઓ તો ફાયબર મળે પણ જો ગાળીને પીઓ તે ફાયબર ન મળે. ટમેટાનો રસ ગાળીને પીઓ તો ફાયબર ન મળે. ફળોનો રસ ગાળીને પીઓ તો વિટામીનસ્, ખનીજો, એન્ટીઓક્સિડન્ટસ્ આપણને મળે પણ ફાયબર ન મળે. સાથે જ આ દરેક ચીજ ગાળ્યા વગર એમને એમ પીઓ જેથી પૂરેપૂરા ફાયદા મળે.

ફાયબરવાળા ખાદ્ય બને તેટલા વધુ લ્યો, ખાસ કરીને ૪૫-૫૦ વર્ષની ઉંમર પછી તો બની શકે તેટલા વધુ ફાયબરવાળા પદાર્થ લ્યો અને એના ફાયદા મેળવી બિમારી દૂર કરો, નિરોગી રહો.


## ડાઘા અને સોની પરિવારનું ગૌરવ



**ડાઘા કુણાલ તિલકભાઈ**

(M.E.-Machine Design) Second Sem.
મૂળગામ : ગોએરસમા - હાલ : માંડવી

**ચિ. કુણાલ** GTU (ગુજરાત ટેકેનોલોજીકલ યુર્નિવરસીટી) દ્વારા લેવાયેલી Master of Engineering (M.E.) Machine Design Branchમાં Second Sem.ની પરિક્ષામાં પણ 9.22 CPI અને 9.27 CPI સાથે બીજી વખત સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે પર ઉતિર્ણ થયો તે બદલ ગર્વ અનુભવીએ છીએ.

માતા-પિતા : **લતાબેન તિલકભાઈ ડાઘા**
બહેન-બનેવી : **નિલમ લગ્નેશ શાહ** • ભાણેજ : **પ્રિન્સ લગ્નેશ શાહ**

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ०૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

# રંગીલું, રોમાંચક અને રસપ્રદ : ડબ્લિન

લિફી નદીના કિનારે આવેલું અને આયર્લૅન્ડની રાજધાની એટલે ડબ્લિન જ્યાં હાન્ડેલ, ઓસ્કાર વાઈલ્ડ, સેમ્યુઅલ બૅકેટ, જેમ્સ જોઈસ જેવા વિચર્યા હશે એ ભૂમિ પર પગ મૂકતાં ભારે રોમાંચ અનુભવ્યો. અમે હોટેલમાં સામાન મૂકી જરા મોકળાં થયાં ત્યારે સાંજ લગભગ ઢળી ચૂકી હતી પણ સૂવાને વાર હતી તેથી અમે હોટેલની આસપાસના વિસ્તાર પર નજર નાખવા નીકળ્યાં.



આયર્લેન્ડમાં પબનું જોરદાર ચલણ છે. ગિનિજ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડના પ્રણેતા હ્યુ બીવને રાત્રે પબમાં પુરાવાના અભાવે થતી ફૈંસલા વિનાની ચર્ચાઓમાંથી દુનિયામાં થયેલા અપ્રતિમ બનાવો વિશે વાર્ષિક પ્રકાશન કરવાની પ્રેરણા મળી હતી. આયર્લેન્ડના પ્રખ્યાત કાળા ગિન્નેસ બિયર મોજ લેવા અમે ડબ્લિનના એક પબમાં ગયાં. ત્યાં એક ગાયક ગીતો ગાઈ રહ્યો હતો અને વાતાવરણ આહ્‌લાદક હતું. ડબ્લિનના લોકો ફન લવિંગ છે, પબમાં આધેડ વયનાં લોકો પણ નાચતા ને મજા કરતા હતા. લોકો મૈત્રીપૂર્ણ છે. અમારી બાજુના ટેબલ પર એક યુગલ બેઠું હતું તે બંનેએ અમારી સાથે ઘણી વાતો કરી ને અમને ગિન્નેસ સ્ટોરહાઉસ જોવાની ભલામણ કરી.

બીજે દિવસે સવારે અમે બિયર જ્યાં બને છે એ ગિન્નેસ સ્ટૉરહાઉસમાં પહોંચી ગયાં. મકાન વિશાળ અને બહારથી જ ભભકાદાર છે. બિયર ભરવામાં આવે છે તે બેરલથી માંડીને બિયર વિશેની ઘણી માહિતી મળી. છેલ્લે પોતાની મેળે એક પાઈન્ટ ભરીને બિયર પીવાની મજા લીધી અને કિંમત અમારી ૨૦ યુરોની ટિકિટમાં આવી જતી હતી. અહીંથી ડબ્લિન શહેરનું ખૂબ સુંદર દૃશ્ય દેખાય છે.

પગે ચાલીને ઐતિહાસિક ટૂર લઈ શકાતી હતી એની ખબર પડતાં અમે એ લેવાનું ઠરાવ્યું. આ ટૂરમાં અમને શહેરના યુદ્ધો અને બળવાઓ વિશે માહિતી આપવામાં આવી અને ઘણાં સ્મારકો તેમજ હાલનાં મહત્ત્વનાં મકાનોને આવરી લેવાયાં. અમારો ગાઈડ પોતે ઈતિહાસના પીએચ.ડી નો વિદ્યાર્થી હતો. તેથી એના આયાર્લેન્ડના ઈતિહાસના ઊંડા જ્ઞાનનો અમને લાભ મળ્યો અને તે પણ જરાય ભારેખમ બન્યા વિના રસાળ ભાષામાં !

આ ટૂર લગભગ અઢી કલાક ચાલી અને ડબ્લિનની મુખ્ય ગલીઓ તથા સ્થળો વિશેની જે માહિતી મળી તે અન્યથા મળવી મુશ્કેલ હતી. ખાસ તો એક અજાણ્યા શહેરનું અજાણપણું આ ટૂરને લીધે દૂર થયું અને અમને વ્યક્તિદીઠ ચૂકવેલા દસ યુરો વસૂલ થયેલા લાગ્યા. ખરેખર તો ડબ્લિનમાં પહોંચીને પ્રથમ કામ આ ટૂર લેવાનું જ કરવું જોઈએ જેથી શહેરની ઉપર છલ્લી રૂપરેખા મળી જાય.

ડબ્લિનનું રાઈટર્સ મ્યુઝિયમ લેખકો અને સાહિત્યને સમર્પિત છે. ત્યાં આઈરિશ સાહિત્યમાં પોતાનો ફાળો આપના આઈરિશ લેખકોના ચિત્રો મૂકવામાં આવ્યાં છે અને એમનાં જીવન અને લેખન વિશેની માહિતી મળે છે. જેમ્સ જૉઈસ, જ્યૉર્જ બર્નાર્ડ શૉ, વિલિયમ યીટ્સ જેવા કવિ અને લેખકોને આ મ્યુઝિયમમાં ઘણી જગ્યા ફાળવવામાં આવી છે.

લિફી નદીની દક્ષિણે ટેમ્પલબાર ચોક આવેલો છે. ચોકમાં કેટલાક યુવાનો ડેડલી આઈ મ્યુઝિક વગાડી રહ્યા હતા, જેના માટે આયર્લૅંડ જાણીતું છે. અમે કાંઈક કુતૂહલ અને રસથી એ બાજુ વળ્યાં. બેંજો અને આપણી ડફલી જેવાં વાજિંત્ર વગાડતાં તેઓ મસ્તીમાં ઝૂમી રહ્યા હતા. આ ચોકમાં ઘણી દુકાનો, પબ અને રેસ્ટોરન્ટ્સ આવેલાં છે. યુવાનોને ગમે તેવું વાતાવરણ હોય છે, પરંતુ બધું જ મોંઘું હોવાને લીધે સ્થાનિક


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

લોકો ખાસ હોતા નથી. આ ચોક પર્યટકોનો ચોક બની ગયો છે તેથી દેશ-વિદેશના લોકો અહીં જોવા મળે છે. પર્યટકોથી પબ અને રેસ્ટોરન્ટસ ઉભરાય છે.



ટ્રિનિટી કૉલેજ અહીંથી તદ્દન નજીક છે એટલે ટેમ્પલ બાર સ્ક્વૅરમાંથી અમે ત્યાં ગયાં. ૧૫૯૨માં સ્થપાયેલી આ કૉલેજ આયર્લૅન્ડની સૌથી જૂની કૉલેજ છે અને ત્યાં કલા, વિજ્ઞાન, માનવશાસ્ત્ર, સંગીત વગેરે અનેક વિષયો ભણાવવામાં આવે છે. ૪૭ એકરમાં પથરાયેલી ટ્રિનિટી કૉલેજ ઘણાં પર્યટકોને આકર્ષે છે. કૉલેજના પરિસરમાં આવેલાં મકાનોનું જ્યોર્જિયન સ્થાપત્ય રસપ્રદ છે. ઓસ્કર વાઈલ્ડ અને સેમ્યુઅલ બૅકેટ આ કૉલેજની દેન છે. અમે લીધેલી કૉલેજની ટૂરમાં અમને કૉલેજની અંતર્ગત ડોકિયું કરવા મળ્યું. લગભગ બે લાખ પુસ્તકો ધરાવતી લાઈબ્રેરીમાં અભેરાઈઓની અભેરાઈઓ પુસ્તકોથી ભરેલી પ્રભાવશાળી લાગતી હતી. ટ્રિનિટી કૉલેજથી થોડુંક આગળ ચાલતાં શહેરના હાર્દમાં આવેલા ડબ્લિનના કિલ્લાએ વર્ષો સુધી દુશ્મનો સામે ટક્કર ઝીલી છે અને આયર્લૅન્ડના ઈતિહાસમાં પોતાનો ફાળો આપ્યો છે. હવે આ કિલ્લો સરકારી કામકાજ માટે વપરાય છે.

કિલમેનહામ જેલ હવે તો ખાલી છે, પરંતુ આઈરિશ ઈતિહાસનો મહત્ત્વનો ભાગ છે. એક સમયે એમાં રાજદ્વારી કેદીઓને રાખવામાં આવતા અને એમાંના કેટલાકને ત્યાં ફાંસી મળી હતી. જેલ ગાઈડની સાથે જ જોવા મળે છે તેનો ફાયદો થયો, અમારા ગાઈડે જેલ વિશે ઘણી માહિતી આપી. અહીં કેદીઓએ જે ત્રાસ ભોગવ્યો હતો તેની જાણ થતાં ઘરઆંગણેના આંદામાન-નિકોબારની કાળા પાણીની સજા યાદ આવી ગઈ. અહીં એટલા બધા પર્યટકો આવે છે કે અમારે એકાદ કલાક લાઈનમાં ઊભા રહેવું પડત.

ડબ્લિનની ગ્રાફોન સ્ટ્રીટ મુખ્ય શોપિંગ સ્ટ્રીટ છે. અહીં જે જોઈએ તે બધું જ મળે છે. આઈરિશ સુવિનિયેર ખરીદવા માટે આ યોગ્ય સ્થળ છે. કાંઈ ખરીદી ન કરવી હોય તો માત્ર વાતાવરણને માણવા આ સ્ટ્રીટ પર જવા જેવું છે. અમે વાહનો વિનાના રસ્તા પર દુકાનો જોતાં ચાલવાનો આનંદ લીધો, રસ્તા પર પોતાનો કસબ દાખવતા ગાયકો અને નટોને જોયા-સાંભળ્યા ને છેવટે કૉફીનો એક કપ પીને પાછાં વળ્યાં.

શહેર જોતાં જોતાં અમે સેન્ટ સ્ટિફન્સ ગ્રીન પાર્ક પાસે પહોંચ્યાં ને ઉદ્યાનમાં વિશ્રામ લેતા લોકોને જોઈને અમે પણ થોડો આરામ કરવા લલચાયાં. પાર્ક નાનો પણ સુંદર અને શાતાદાયક છે. આખા દિવસની રખડપટ્ટી પછી તળાવ, ફૂલો અને પક્ષીઓની સમીપે બેસવાનું આવકારદાયક હતું. જ્યોર્જિયન આર્કિટેક્ચર અને રમણીય ઉદ્યાનો આ શહેરની ખાસિયત છે. યુવાનો તથા વિદ્વાનોને આસાનીથી ગમી જાય એવા આ શહેરમાં બાળકો માટે પ્રાણીઘર અને બતકોવાળાં ઉદ્યાનો છે તેથી પરિવાર સાથે આનંદ લઈ શકાય છે.

**ડબ્લિન વિશે જાણવા જેવું**

● ડબ્લિન પાસ લેવાથી ૨૪ મુખ્ય આકર્ષણોમાં ટિકિટ વિના પ્રવેશ મળે છે અને હૉપ ઑન-હૉપ ઑફ બસની ૨૪ કલાકની મુસાફરી કરી શકાય છે. સરવાળે સમય અને પૈસા બંનેની બચત થાય છે.

● ડબ્લિન ઈન્ટરનેશનલ ઍરપોર્ટ સુધી ફ્લાઈટ લઈ ત્યાંથી શહેરમાં પહોંચવા એક્સપ્રેસ બસ અથવા એરકોચ લેવી.

● દુનિયાના અન્ય પાટનગરોની જેમ ડબ્લિનમાં પણ હોટેલ્સ મોંઘી હોય એ સ્વાભાવિક છે છતાં ખંતથી ઈન્ટરનેટ પર તપાસતાં બજેટ અનુકૂળ હોટેલ મળી જાય છે.

● શાકાહારી વાનગીઓ મળી જાય છે, બાકી પ્રવાસ દરમિયાન ભાવતાં ભોજનિયાનો આગ્રહ ન રાખવો !

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

કચ્છમાં આ વર્ષે ભલે મોડેથી પણ સારો વરસાદ પડ્યો છે. દરેક ગામ મહાજન તેનો લાભ લઈ વૃક્ષારોપણ કરાવી કાયમ માટે પર્યાવરણ સુધારે એ બીકુ જરૂરી છે.

– ચીમન મોતા *તન-મન પરિવાર*

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

# હૃદયસ્પર્શી વાત બન્નીના બે અનોખા માલધારી હાજી ચંગો અને ગુલ હસનના માલ (પશુ) પ્રેમની

ભાતીગળ સંસ્કૃતિ માટે જાણીતા મુલક કચ્છના અર્થતંત્રને દુકાળ સતત જફા પહોંચાડે છે, પણ માલધારી પરિવારોનો પશુધન સાથેનો લગાવ અને મમત એવા તો અતૂટ હોય છે કે કપરાં કાળમાંયે એને વેચતા જીવ ચાલતો નથી અને આખરે ઢોર મરણશરણ થાય છે ત્યારે ભાંગી પડેછે, આખી બન્નીને પોતાના પુત્રના લગ્ન વખતે દાવત આપનાર ગુલ હસન ઘાસ માટે દર દર ભટકતો રહ્યો; તો હાજી ચંગાએ લાચારીથી ભેંસ વેચી ત્યારેય એને આ બન્ને વાતો કોઈપણ કચ્છીના હૃદયના કાયમી ચોટ પહોંચો તેવી છે પૂરેપૂરો ચાંદીનો શણગાર કર્યો.



૭૪ના દુકાળની વાત કરીએ તો બન્નીમાં ઘાસની અછતે યા તો ઢોર હિજરત કરી ગયા હતા અગર તો ભૂખમરાના આરે હતા. આવા કપરા કાળમાં પણ માલધારી પોતાનો માલ વેંચવા તૈયાર ન થાય. ગાય હોય કે ભેંસ, પણ એના દરેકના નામ હોય. માલધારીના છોકરા ભેંસના નાના બચ્ચાંને સાથે લઈને જ ફરે, એમને ખવડાવે, પાણી પીવડાવે અને ઝૂંપડાની સામે લીંપેલા આંગણામાં બાવળની ચાર ડાળી ખોડીને ઉપર કંતાન બાંધી નીચે છાંયડામાં બચ્ચાંને સૂવડાવે અને પોતે પણ ત્યાં જ સૂએ. તેથી જ પોતાના માલ સાથેનો અતૂટ લગાવ પેદા થાય. ઉંમર વધવાની સાથે બચ્ચુંયે મોટું થાય અને દૂધ આપતી ભેંસ બને.. માલધારીયે યુવાન થાય અને દુકાળ વખતે ભયંકર અછતમાં ભેંસ વેચવાનો વારો આવે ત્યારેઆવો લગાવ લાગણીઓને બેકાબૂ બનાવી દે.

બન્નીમાં ફરતાં જાણવા મળ્યું કે એવા કેટલાયે માલધારી છે જેઓ સાંજે ભેંસ વેચવાનો સોદો કરે પણ સવાર પડતાં જ ફેરવી તોડે. તેથી ઢોરના દલાલો સોદો કરતી વખતે ગામના સરપંચને સાથે રાખે. આવું કમસે કમ પાંચેક કિસ્સામાં બનેલું. એ સમયે ભેંસના એક દલાલ અમને મળી ગયા. એમનું નામ હેમુભાઈ.

હેમુભાઈએ હાજી ચંગાની વાત કરી. આઝાદી પછીના પ્રથમ દુકાળ વખતે હાજી ચંગાએ પોતાની 'પાટોરી' નામની ભેંસનો સોદો કર્યો. રાતે ઘેર ગયો અને ઔરતે મેણાં માર્યા. સવારે, રડતાં રડતાં એણે હેમુભાઈએ વિનંતી કરી કે આ લે તારા પૈસા પાછા. મને પાટોરી પાછી દઈ દે.

એ સમયે ભેંસના સોદા વખતે પંચ રાખવાની પ્રથા હતી. સવોર પંચ ભેગું થયું અને હાજી ચંગાને સમજાવ્યું કે સોદો કરીને ફરી જાય એ ખુદાને પસંદ ન પડે. પણ હાજી ચંગો માને નહીં, જોરથી આક્રંદ કરે, પોતાને ગાળો ભાંડે.. ફટ.. તેને શું સૂઝ્યું, પોતાના ગાલે તમાચા મારે અને બોલે 'અલ્લા મૂકે જન્નમમેં હલાય...'

અંતે એવું નક્કી થયું કે ભેંસ તો પાછી નહીં મળે પણ હાજી ચંગો એની ઈચ્છા અનુસાર પાટોરીને વળાવવા થોડે સુધી જશે. એ સમયે ટ્રક જેવી વ્યવસ્થા નહોતી. માલ ચાલતો ચાલતો જ કચ્છ બહાર જાય. બન્નીથી વેચાયેલી ભેંસોનું ધણ આગળ જતું જાય... હાજી ચંગો પણ સાથે. વચ્ચે વચ્ચે ભેંસને ગળે બાઝી રડે. ચુમીઓ દે.. કંઈક ગાંડા કાઢતો હોય એવું લાગે.. આમ કરતાં કરતાં છેક સામખિયાળી સુધી કાફલો પહોંચ્યો એટલે ખરીદનારના માણસોએ હાજી ચંગાએ કહ્યું 'હવે તો કચ્છની હદ પૂરી થાય છે. પાછો વળ..'

હાજીએ પેલાની સામે જોયું. એની વાત સાથે સંમત થયો હોય એમ પાછો વળવા તૈયાર થયો. પોતાની થેલીમાં હાથ નાખીને અંદરથી એક પોટલું કાઢ્યું. એ પોટલામાં ચાંદીનું માદળિયું અને બીજા પ્રકારના સિક્કાઓ બાંધ્યા હોય એવો મોટો હાર હતો. એણે એ હાર બહાર કાઢીને 'પાટોરી' ભેંસને ગળે પહેરાવ્યો. એને ચૂમી લીધી. પેલા વેપારીના માણસને સંબોધીને કહ્યું 'આ તો હાજી ચંગાની પાટોરી ભેંસ છે. શણગાર સજ્યા વગર ક્યાંયે બહાર જાય નહીં.. અને જો સાંભળ, ભાગલા વખતે અમે લોકો સિંધથી ભાગીને બન્ની તરફ આવતા હતા ત્યારે વચ્ચે આવતા 'દલદલ'માં અમારી દસેક ભેંસો ફસાઈ ગઈ હતી. મેં બધી ભેંસો જવા દીધી પણ આ 'પાટોરી'ન જાનના જોખમે બચાવી લીધી. પણ કોણ જાણે કયા પાપ મેં કર્યા હશે કે આવી ભેંસને આજે વેચવાનો વારો આવ્યો છે...'

આ કહીને છાતી ફૂટવા લાગ્યો. રડતે અવાજે આજીજી કરતો હોય એમ પેલા તરફ ફરીને કહ્યું, ભેંસ માલિકને કહી દેજો કે આ 'પાટોરી' દૂધ દેવામાં ક્યારેક ખેંટો નહીં કરે અને છતાં કોઈ નબળું-સબળું વર્ષ હોય અને દૂધ ઓછું મળે તો 'પાટોરી'ને ભાંડતા નહીં. લાનત મને હાજી ચંગાને દેજો કે હાજીએ દગો દીધો છે..'

આ કિસ્સો ધરતીકંપ પછીના સમયનાં બન્નીના એક સાહિત્ય સમારંભમાં યાદ આવી ગયો અને વિગતે વાત કરી તો ત્યાંના એક વાર્તાકાર કલાધર મુતવાને પ્રસંગ સ્પર્શી ગયો. પછી તેમણે આ કિસ્સા અંગે સંશોધન કર્યું તો વાત સાચી નીકળી. એમણે એના આધારે વાર્તા લખી અને સિંધી સાહિત્યમાં સીમાચિન્હ સમી બની ગઈ.

આવા લગાવ અને મમતનો એક ઓર દાખલો '૮૭ના દુકાળ વખતે પ્રત્યક્ષ જોયેલો તે પણ આજે યાદ કરવા જેવો છે. બન્નીના છછલા ગામે સર્વ સેવા સંઘના ઢોરવાડાનું ઉદ્ઘાટન થવાનું હતું. અમે ત્યાં હાજર હતા. ઢોરોની ગણંતરી ચાલુ હતી

ત્યાં જ એક વૃદ્ધ માલધારી ખોડંગાતો ખોડંગાતો ટોળાં વચ્ચેથી માર્ગ કાઢીને આગળ આવ્યો અને લાગણીશીલ બની રડમશ અવાજે પોતાની પાંચ ભેંસો ઢોરવાડામાં સમાવી લેવા માટે આજીજી કરવા લાગ્યો.

એની આંખે મોતિયો હોય એવું લાગ્યું. માથે ફાટેલું ફાડિયું, આસમાની રંગનો મેલઘેલો ઝબ્બો અને અજરખની લૂંગી પણ ફાટેલી, પગમાં બૂટ નહીં...

એને જોતાં જ અમને એ આદમી પરિચિત લાગ્યો. અરે આ તો ગુલ હસન છે. ભગાડિયાનો એક સમયનો સરપંચ અને માલેતુજાર માલધારી. ચારેક વર્ષ પહેલાં તો એના દીકરાના લગ્નમાં અમે ગયા હતા અને કમસે કમ સાત હજાર જણને એણે શાદીની દાવત આપી હતી. આવા માણસની આ હાલત!

પછી, જ્યારે હાજર રહેલા બન્નીવાસીને પૂછતાં જાણવા મળેલું કે એ ગુલ હસન જ હતો. જેના લગ્નમાં અમે ગયા હતા એ. પુત્રનું અકસ્માતમાં મોત થયું અને ગુલ હસન પર પનોતી બેઠી. પછી આવ્યો દુકાળ. ગામલોકોએ કહ્યું કે માલ વેચી નાખ પણ મમત એવી કે માલ ન વેચ્યો.. અડધું ધણ દુકાળમાં ખપી ગયું અને ગુલ હસન રઝળતો થઈ ગયો.

આ કિસ્સામાં પણ મૂળ વાત તો માલધારી સંસ્કૃતિની, એમની પરંપરાઓની અને પશુ પ્રત્યેના અતૂટ લગાવની છે. બન્નીના લોકો કહે છે આજથી સિત્તેર વર્ષ પહેલાં તો ગાય કે ભેંસનું અવસાન થાય તો રીતસર ઊઠમણું કે સાદડી બેસે. લોકો ત્યાં આવે અને માલધારીને આશ્વાસન આપે.

જો કે, આજે બન્નીની સ્થિતિ બદલાઈ ચૂકી છે. રણોત્સવ અને એની સાથે સાથે આવેલા બીજા પરિવર્તનોનાં પગલે બન્નીની એ અનોખી માલધારી સંસ્કૃતિ ટકળે ખરી, એ જ મૂળ પ્રશ્ન છે.

– **કીર્તિ ખત્રી**, મુંબઈ સમાચારમાંથી સાભાર

---

## વોટ્સ એપ અને ફેસબુક નામના વળગણે ખૂબ જ નવરા લોકાને ‘બીઝી, બીઝી’ કરી નાખ્યા છે અને ખરેખર કામ કરનારા લોકાને નકામા કરી નાખ્યા છે.

હમણાં થોડા દિવસ પહેલા ગંભીરતાપૂર્વક ખૂબ જ વિચારતાં કરી મુકે એવો સિરિયસ જોક આવ્યો હતો. (સિરિયસ જોક?) એ જોક એવો હતો કે-એક જગ્યાએ છોકરા-છોકરીના લગ્નની વાત ચાલી રહી હતી ત્યારે છોકરીવાળાએ પુછયું કે, ‘છોકરો શું કરે છે?’ ત્યારે છોકરાવાળાએ કહ્યું ‘અમારો દિકરો આઠ જગ્યાએ મેનેજમેન્ટના ટોપ લેવલ પર છે.’ છોકરીવાળાએ કનફ્યુઝ થઈને પૂછયું, ‘એમ? એટલે એ કરે છે શું?’ તો છોકરાવાળાએ કહ્યું, ‘એ વોટ્સએપના આઠ ગ્રુપમાં એડમીન છે.’ (સિરિયસ જોક પૂરો થયો. ગંભીરતાપૂર્વક હસો). ખરેખર, આ વોટ્સએપ અને ફેસબુકે તો બધાયની જીવનશૈલી ફેરવી નાખી છે. પેલી કહેવત છે ને ‘પઈની પેદાશ નહીં ને ઘડીની નવરાશ નહીં.’ આમાં એકઝેટલી આવું જ છે. વોટ્સ એપ અને ફેસબુક નામના વળગણે ખૂબ નવરા લોકોને ‘બીઝી, બીઝી’ કરી નાખ્યા છે અને ખરેખર કામ કરનારા લોકોને નકામા કરી નાખ્યા છે અને એમાંયે સ્માર્ટ ફોનમાં જાત ભાતના ગ્રૂપ બનાવી એમાં મેસેજોનો મારો ચલાવી લોકો જો ‘એન્ડ્રોઈડનો આંતકવાદ’ ફેલાવી રહ્યા છે.

વોટ્સ એપ કે ફેસબુક પર મેસેજ મોકલવા, બીજાએ મોકલેલાં મેસેજ વાંચવા, એના ઉપર કોમેન્ટ કરવી, રિએક્શન આપવાં આ બધાંયે ખૂબ અગત્યનાં કામ હોય એમ બધાંય સતત આ પ્રવૃત્તિમાં ‘રચ્યાં પચ્યાં’ રહેતાં હોય છે. સોશિયલ નેટવર્કે સોશિયલ લાઈફનું ઉલાળિયું કરી નાખ્યું છે. વોટ્સ એપ કે ફેસબુકના ગ્રુપને પોતાના કુટુંબ કરતાં વધારે મહત્તા મળી રહ્યુ હોય એવું લાગી રહ્યું છે અને એમાંય આવાં ગ્રુપ બનાવનારા ‘એડમીન’ તો પોતાને ‘સર્વેસર્વા’ માનવા માંડ્યા છે.

– **વિનય દવે**, દિવ્ય ભાસ્કરમાંથી સાભાર

---

**આપણી વીસીઓ** – પાના નં. ૫થી ચાલુ

આવીએ. ત્યારે ઉમરશી નાગશીના માળામાં એક ભાઈ લૉજ ચલાવતા. મને યાદ છે ત્યાં સુધી એમનું નામ હતું. શ્રી ઘેલાભાઈ રસોયા. એ મકાનની જોડે નાજ મકાનમાં (નામ કદાચ પુરુષોત્તમ બિલ્ડિંગ હતું) આપણાં એક બહેન લૉજ ચલાવતાં. મને યાદ છે ત્યાં સુધી એમનું નામ શ્રી ઝમકુબાઈ હતું કોઈક અન્ય મકાનમાં એમનાં જ બહેન શ્રી કસ્તુરીબાઈ પણ લૉજ ચલાવતાં. ત્યાં ગિરદી બહુ રહેતી અને ટ્યુશન વગેરેને કારણે એટલો ટાઈમ રાહ જોવાનું પરવડે એમ નહોતું; એટલે એ બંને લોજમાં હું જમી શક્યો નથી. ઉપરોક્ત બંને બહેનો રાણપુર દેરાસરના સ્થાપક શ્રી કુંવરજી શામજી ધરમશીની દીકરીઓ હતી એવું એક બુજુર્ગ વ્યક્તિએ મને જણાવ્યું હતું. અનંત નિવાસમાં ત્રણ લૉજ ચાલતી હતી.

હવે ધંધા રોજગાર નવી મુંબઈમાં શિફ્ટ થઈ જવાને કારણે તથા આપણી જ્ઞાતિમાં આવેલા સામાજિક બદલાવને કારણે ભાતબજારની મોટા ભાગની આપણી વીસીઓ બંધ થઈ હશે.

– **શામજી પદમશી છેડા**, ગાંધીધામ

# એક ગ્લાસ દૂધ !

પરદેશની આ વાત છે. હાવર્ડ કેલી નામનો એક છોકરો અત્યંત ગરીબાઈ સાથે ભણી રહ્યો હતો. નિશાળની ફી ભરવાના પૈસા કમાવા માટે ફાજલ સમયમાં એ ફેરિયાનું કામ કરતો. એક સ્ટોરની વસ્તુઓ એ એક ઘરેથી બીજા ઘરે ભટકીને વેચતો. એ વેચાણના પૈસામાંથી જે કમિશન મળે તેમાંથી શાળાની ફી ભરતો અને જો ફી ભરતાં થોડા પૈસા વધે તો ચોપડીઓ અથવા તો કપડાં ખરીદતો.



એક દિવસ આમ જ ફેરી કરતાં કરતાં બપોરનો સમય થઈ ગયો. આકરો તડકો કેલીને પરેશાન કરી રહ્યો હતો. એના થેલામાં થોડીક ચીજો જ બચી હતી, પણ એ દિવસે એટલી વસ્તુઓ કોને ખબર કેમ પણ કોઈ ખરીદતું જ નહોતું. ભૂખ અને તરસથી એ હેરાન થઈ ગયો હતો. તડકો પણ એની તકલીફમાં વધારો કરી રહ્યો હતો. ક્યાંક બે-ચાર ક્ષણ અટકીને આરામ કરવાની એની ઈચ્છા થતી હતી. પરંતુ કમિશન ઓછું મળશે એ વિચાર એને ક્યાંય બેસવા નહોતો દેતો. થોડીક વાર આમ જ રખડ્યા પછી એને પોતાની ગરીબી અને લાચારી પર ગુસ્સો આવવા લાગ્યો. હતાશાના ભાવ સાથે એણે એક ઘરનું બારણું ખખડાવ્યું. એક સુંદર યુવતીએ બારણું ખોલ્યું.

''મેમ! મારી પાસે વેચવા માટેની થોડીક ચીજો બચી છે. તમે કંઈ ખરીદવા માંગો છો?'' એના અવાજમાં નિરાશા, હતાશા અને થાક ભરેલાં હતાં.

''હા દીકરા! કેમ નહીં?'' જાણે કે કેલીની પરિસ્થિતિનો એક પળમાં જ અંદાજ આવી ગયો હોય તેમ એ યુવતી બોલી. ઉત્સાહપૂર્વક એણે કેલીની બાકી બચેલી વસ્તુઓમાંથી થોડીક વસ્તુઓ ખરીદી પણ ખરી.

કેલીના મનને ખૂબ જ શાતા થઈ. જેવું મન શાંત થયું કે તરત જ કેલીના પેટે પોતાની ફરિયાદ શરૂ કરી. પેટમાં ગલૂડિયાં બોલતાં હતાં એ યાદ આવતા કેલી બોલ્યો, ''મેમ! એક ગ્લાસ પાણી મળી શકશે?''

પેલી યુવતીએ કેલી સામે જોયું. કેલીના મોઢા પર એ ખાલી તરસ્યો જ નહીં, ભૂખ્યો પણ છે એવું સ્પષ્ટ લખાયેલું હતું. એ બોલી, 'તને ભૂખ લાગી છે, બેટા?' કેલી કંઈ બોલ્યો નહીં. ભૂખ તો એને કકડીને લાગેલી જ હતી. એની નાની નાની આંખોમાં મોટાં મોટાં આંસુ ડોકાઈ આવ્યાં, પણ એમ આંસુ પડી જવા દે તો કેલી શેનો? તરત સ્વસ્થ થઈ, બહાર નીકળે એ પહેલાં જ આંસુને પાછાં ધરબીને એ બોલી ઊઠ્યો, 'ના મેમ! ફક્ત પાણી જ જોઈએ છે, મળશે?'

આટલા નાના બાળકની ખુમારી પર એ યુવતી આફરીન થઈ ગઈ. કેલી માટે એને ખૂબ જ માન થઈ આવ્યું. એ અંદર ગઈ. થોડી વાર પછી એ પાછી આવી ત્યારે એના હાથમાં સાકર નાખેલું દૂધ ભરેલો એક મોટો ગ્લાસ હતો. આ યુવતીએ પોતાની ભૂખ તેમ જ તરસ બંનેનો ઉપાય કરી દીધો છે એ વાત કેલી તરત જ સમજી ગયો. શાંત મને એણે એ ઠંડા દૂધનો ગ્લાસ પૂરો કર્યો પછી પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને બોલ્યો, 'મેમ! આ દૂધના ગ્લાસના મારે કેટલા પૈસા આપવાના છે?'

'એક પણ પૈસો નહીં બેટા! સારા કામના પૈસા થોડા લેવાય? ઊલટાનો હું ભગવાનનો પાડ માનું છું કે તારા જેવા ખુમારીથી ભરેલ દીકરાનું કામ કરવાનો એણે મને મોકો આપ્યો અને ભગવાનના કામના પૈસા થોડા હોય?' લાગણીથી ભીના થઈ ગયેલા અવાજે એ બોલી. (અનુસંધાન પાના ૧૯ ઉપર)

ના શબ્દની રસમ હોય, ના અર્થના રિવાજે
વૈયાકરણ વિનાના વસીએ સહજ સમાજે

# યોગ્ય જગ્યાએ વાવેલું ઊગ્યા વગર રહે જ નહીં

મુંબઈથી બેંગ્લોર તરફ જતી ઉદ્યાન એક્સપ્રેસ ટ્રેનમાં ટિકિટ ચેકર ટિકિટ ચેક કરી રહ્યો હતો. એક ડબ્બામાં લગભગ ૧૩-૧૪ વર્ષની છોકરી સીટની નીચેના ભાગે છુપાઈને બેઠેલી હતી. ટિકિટ ચેકરનું ધ્યાન આ છોકરી પર પડ્યું એટલે છોકરીને સીટ નીચેથી બહાર નીકળવાનું કહ્યું. છોકરી ગભરાતા ગભરાતા ઊભી થઈ. ભયને કારણે એનું શરીર ધ્રૂજી રહ્યું હતું. ટી.સી.એ પૂછ્યું, નીચે છુપાઈને કેમ બેઠી હતી ? તારી ટિકિટ બતાવ. છોકરીએ આંખોમાં આંસુ સાથે કહ્યું, મારી પાસે ટિકિટ નથી. ટી.સી. ગુસ્સે થયો અને કહ્યું, તને રેલવે પોલીસના હવાલે કરી દેવી જોઈએ, પણ તું છોકરી છે એટલે જવા દઉં છું. આગળના સ્ટેશન પર આ ટ્રેનમાંથી નીચે ઊતરી જજે. ટ્રેનમાં મુસાફરી કરનાર એક અજાણી મહિલા છોકરીની મદદે આવી. એમણે ટી.સી. ને કહ્યું, ભાઈ, આટલી નાની છોકરી અજાણ્યા સ્ટેશન પર ઊતરીને ક્યાં જશે ? એક કામ કરો, દંડ સાથેની જે કંઈ રકમ થતી હોય તે મને જણાવો એટલે એ રકમ હું ભરી આપું અને તમે કાયદેસરની પહોંચ આપી દો. મહિલાએ છોકરીને પૂછ્યું, બેટા ચિંતા ન કર, તારે ક્યાં જવાનું છે એ કહે એટલે હું તને ત્યાંની ટિકિટ અપાવી દઉં. છોકરીએ કહ્યું, મને એ જ ખબર નથી કે મારે ક્યાં જવાનું છે ?



મહિલાએ ટી.સી.ને કહ્યું, ભાઈ, આ છોકરી માટે બેંગ્લોરની ટિકિટ જ આપી દો. ટ્રેનનું છેલ્લું સ્ટેશન બેંગ્લોર જ છે એટલે છોકરીને વચ્ચે જ્યાં ઊતરવું હશે ત્યાં ઊતરી જશે. રસ્તામાં છોકરીએ મા જેવી લાગતી આ મહિલા સાથે દિલ ખોલીને વાત કરતા કહ્યું મારું નામ ચિત્રા છે. હું નાના ગામડામાં રહું છું. મારા પિતાજી કુલી તરીકે કામ કરતા હતા. મારા જન્મ વખતે જ મારી માતા મૃત્યુ પામી આથી પિતાજીએ બીજા લગ્ન કર્યા. નવી આવેલી માતાએ સમયાંતરે બે છોકરાઓને જન્મ આપ્યો એટલે મને બે ભાઈઓ મળ્યા, પણ નવી મા મને સાચવતી નહોતી. થોડા મહિના પહેલા મારા પિતાજીનું પણ અવસાન થયું. પછી તો મમ્મી મારતી અને જમવા પણ ન દેતી. નવી માતા તરફથી મળતો ત્રાસ અસહ્ય હતો અને મદદ કરનાર બીજું કોઈ નહોતું એટલે હું ઘર છોડીને નીકળી ગઈ છું. છોકરીની વાતો સાંભળીને મહિલા ગળગળી થઈ ગઈ. મહિલા ચિત્રાને લઈને બેંગ્લોર આવી અને બેંગ્લોરની એક સંસ્થામાં છોકરીના રહેવા અને જમવાની બધી જ વ્યવસ્થા કરી આપી. આ ઉપરાંત એના અભ્યાસનો અને તમામ ખર્ચ એમણે ઉપાડી લીધો. મહિલા ક્યારેક ક્યારેક છોકરીને મળવા માટે પણ જતી, પરંતુ કામની અતિ વ્યસ્તતાને લીધે આ મુલાકાતો ઘટતી ગઈ. ક્યારેક ફોન પર તો ક્યારેક ઈમેઈલ દ્વારા વાતચીત થતી રહેતી.

કેટલાંક વર્ષો પછી પેલી મહિલાને એક લેક્ચર આપવા માટે અમેરિકાના સાનફ્રાન્સિસ્કોમાં જવાનું થયું. સાનફ્રાન્સિસ્કોમાં રહેતા કન્નડ લોકોની એક સંસ્થાએ વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું. આ મહિલા જે હૉટેલના હોલમાં કાર્યક્રમ હતો એ હૉટેલમાં જ રોકાયા હતા. કાર્યક્રમ પૂરો થયા બાદ હૉટેલથી નીકળતી વખતે જ્યારે આ મહિલા એમનું બીલ ભરવા માટે આવ્યા ત્યારે રીસેપ્શન કાઉન્ટર પર બેઠેલી વ્યક્તિએ કહ્યું, મેડમ, આપનું બિલ ભરપાઈ થઈ ગયું છે. મહિલાને આશ્ચર્ય થયું. અહીં અમેરિકામાં મારું બિલ ભરનાર કોણ છે ? એમણે રિસેપ્શનીસ્ટને પૂછ્યું એટલે રિસેપ્શનીસ્ટે કહ્યું, મેડમ, તમારી પાછળ

*કૈં તો બચાવી રાખો સુંદરની સભા કાજે*
*સ્વરમાધુરી સકળ તે રેલી ન દો રિયાજે*

જે કપલ ઊભું છે એમણે જ તમારું બિલ ભર્યું છે. મહિલાએ પાછળ ફરીને જોયું તો એક ખૂબસૂરત દંપતી ઊભું હતું. મહિલા સામે ઊભેલી સ્ત્રીને આળખી ગઈ અને બોલી ચિત્રા, તું અહીં ? ખૂબસૂરત યુવતીએ હસતા હસતા કહ્યું, આપની મહેરબાનીથી જ એક અનાથ છોકરી આજે અમેરિકા પહોંચી ગઈ છે. મારા અભ્યાસ પછી મને અમેરિકાની એક કંપનીમાં નોકરી મળી ગઈ અને હું અમેરિકા આવીને ત્યાં જ સ્થાયી થઈ ગઈ. અહીંના જ એક યુવક સાથે લગ્ન કરી લીધા. મહિલા ચિત્રાને ભેટી અને કહ્યું, પણ તેં હૉટેલનું મારું બિલ ચૂકવ્યું એ યોગ્ય નથી. ચિત્રાએ કહ્યું, મેડમ, આ બિલની રકમ મુંબઈથી બેંગ્લોરની રેલવે ટિકિટની સામે સાવ તુચ્છ છે.

એક અનાથ છોકરીને રેલવેના ડબ્બામાંથી અમેરિકા સુધી પહોંચાડનાર સેવાભાવી મહિલા એટલે ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ચેરમેન સુધા મૂર્તિ. સુધા મૂર્તિના પુસ્તક "The day I stopped drinking milk"માં એમણે પોતે જ આ ઘટનાનું લાગણીસભર વર્ણન કર્યું છે. કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને કરેલી નાની એવી મદદ કેટલું મોટું પરિણામ આપી શકે એની આપણે કલ્પના પણ ન કરી શકીએ. સમાજમાં આવા અનેક દાખલાઓ જોવા મળે છે જ્યાં નાની-નાની મદદ દ્વારા અનેક વ્યક્તિઓના જીવન બદલાઈ ગયા હોય.

સેવાનો ખરો આનંદ ત્યારે જ આવે જ્યારે એમાં સ્વાર્થ ન હોય. કોઈ વ્યક્તિને મદદ કર્યા પછી એ વ્યક્તિ સફળ બનીને માન સન્માન અને આદર આપશે એવી ઈચ્છા થાય એ સ્વાભાવિક છે, પણ જો ઈચ્છા પૂરી ન થાય તો દુઃખી ન થવું. આપણે માણસ તરીકેનું આપણું કર્તવ્ય બજાવવું. જો કે, યોગ્ય જગ્યાએ વાવેલું ઊગ્યા વગર રહે જ નહીં.

'તેજસ્વિની' શૈલેશ સગપરિયા

## એક ગ્લાસ દૂધ ! (અનુસંધાન પાના ૧૭ થી)

અંતરના ઊંડાણથી એ યુવતીનો આભાર માનીને કેલી બહાર નીકળ્યો. આ નાનકડા પ્રસંગથી એના મનની હતાશા ખંખેરાઈ ગઈ હતી. નિરાશાની જગ્યાએ એક નવો ઉત્સાહ પ્રગટી ચૂક્યો હતો. એના પગમાં નવું જોમ આવી ગયું હતું. એક અનેરા ઉત્સાહ સાથે એ આગળ વધ્યો.

ઘણાં બધાં વરસો પછી પેલી સ્ત્રીને કોઈ ભયંકર રોગ લાગુ પડ્યો. સ્થાનિક ડૉક્ટર્સ એના રોગનું નિદાન ન કરી શક્યા. એ બહેનની તબિયત દિન-પ્રતિદિન બગડતી જ ચાલી. એને બાજુના મોટા શહેરમાં આવેલ ખૂબ જ આધુનિક હૉસ્પિટલમાં મોકલવામાં આવી. ત્યાંના તબીબીએ પણ નિદાન પકડવા ખૂબ માથાકૂટ કરી. કંઈ કેટલીયે તપાસ કરાવી, પણ પરિણામ શૂન્ય જ આવ્યું. એનો રોગ કોઈ પારખી જ ન શક્યું. બધાં થાકી ગયાં પછી એમણે એ સ્ત્રીની મંજૂરી લઈ એ શહેરના સૌથી મોંઘાદાટ તબીબને બોલાવ્યા. એમની કુનેહ અને કાબેલિયતને કારણે રોગ તરત જ પકડાઈ ગયો. દિવસોથી રિબાઈ રહેલી એ સ્ત્રી ઝડપભેર સાજી થવા માંડી, પરંતુ એના ચહેરા પર સાજા થવાની ખુશીના બદલે ચિંતા છવાવા લાગી. એ ચિંતા હતી હૉસ્પિટલના બિલની. એને થતું હતું કે એની બાકીની જિંદગી આ બિલનું કરજ ચૂકવવામાં જ વીતી જશે. કેમ કરીને એ આવી અદ્યતન હૉસ્પિટલનું આવડું મોટું બિલ ચૂકવી શકશે ?

આવી બધી ચિંતાઓની વચ્ચે એને હૉસ્પિટલમાંથી રજા આપવાનો દિવસ આવી પહોંચ્યો. પટાવાળો બિલનું કવર લઈને આવી પહોંચ્યો. ધ્રૂજતા હાથે એ યુવતીએ કવર ખોલ્યું. બિલની મસમોટી રકમના આંકડા પર લાલ અક્ષરે લખેલું હતું કે, 'સંપૂર્ણ ચૂકતે ! એક ગ્લાસ દૂધે બધું જ ચૂકવી દીધું છે.' અને નીચે સહી હતી : 'ડૉ. હાવર્ડ કેલી ! હૉસ્પિટલ સુપરિન્ટેન્ડેન્ટ !'

કેલીની સહીના શબ્દો પેલી સ્ત્રીના આંસુથી ભીંજાઈ રહ્યા હતા... **ડૉ. આઈ. કે. વીજળીવાળા**

*આંસુય ઓસ બનશે જેના અકળ મલાજે*
*અક્સીર દર્દ હો તો કોને ખપે ઈલાજે*

# તમને ખબર છે, તમે ક્યાં રહો છો ?

એક સુંદર કાવ્ય વાંચ્યું હતું – એક મુસાફર સુંદર સોનેરી-લીલા જંગલમાંથી પસાર થઈ રહ્યો છે. અચાનક તેની સામેનો માર્ગ ફંટાય છે. એ ઊભો રહી જાય છે. બંને રસ્તા પર તો જવાશે નહીં, કયા રસ્તે જાઉં ? આંખો ખેંચીને તે બંને રસ્તાને દૂર સુધી જુએ છે. એક રસ્તો ખૂબ વપરાયેલો છે. તેના પર ઘણા બધા ગયા હોય તેવું લાગે છે, બીજા પર ઘણાં ઓછાં પગલાં દેખાય છે. વિચાર કરીને તે એક રસ્તો પસંદ કરે છે. એ રસ્તા પર ગયા પછી પાછા અવાશે કે નહીં તેની ખબર નથી, છતાં તે એને પસંદ કરે છે. 'ટુ રોડ્ઝ ડાયવઝર્ડ ઈન અ વુડ એન્ડ આઈ – આઈ ટુક ધ વન લેસ ટ્રાવેલ્ડ બાય, એન્ડ ધેટ હેઝ મેઈડ ઓલ ધ ડિફરન્સ' – જંગલમાં બે રસ્તા ફંટાતા હતા – મેં ઓછી વપરાયેલો રસ્તો પસંદ કર્યો અને તેનાથી જ બધો ફરક પડી ગયો.



રોબર્ડ ફ્રોસ્ટની આ સીધીસાદી પંક્તિ જીવનની ગહનતાની વાત કરે છે. જીવનમાં વારેવારે પસંદગી કરવાની આવે છે. જે રસ્તે જવાનું આપણે એટલા માટે ટાળીએ છીએ કે ત્યાં ઓછા લોકો જાય છે, એ જ રસ્તે કદાચ આપણો અસલી સ્વ આપણી રાહ જોતો ઊભો હોય છે. ધ રોડ લેસ ટ્રાવેલ્ડ બાય – ઈઝ ધ રિયલ યુ. એ રસ્તો આકર્ષે છે, પણ આપણે જતા નથી. વિચારીએ છીએ કે પછી ક્યારેક જઈશું અને એ રસ્તે જઈએ છીએ જ્યાં બધા જાય છે. ડિગ્રીના રસ્તે, કારકિર્દીના રસ્તે, સફળતાના રસ્તે, પૈસાના રસ્તે, પ્રતિષ્ઠાના રસ્તે. એ રસ્તો આપણને પછી છોડતો નથી અને એ રસ્તો જ્યાં આપણે આપણા સ્વત્વને પામવાનું હતું, તે રસ્તે જવાનું રહી જાય છે. પણ જો આપણે એ રસ્તા પર ગયા, જે રસ્તે બહુ ઓછા ગયા છે, જ્યાં કદાચ આપણો સ્વ આપણને મળે – તો આપણી દુનિયા બદલાઈ જાય છે. એક સાચી પસંદગી જીવનને પલટી નાખે છે.

યાદ આવે છે એક નવલકથાની નાયિકા. પરંપરાએ નક્કી કરી આપેલું જીવન તે શાંતિથી જીવી રહી છે. ક્યારેક મનમાંથી ઊઠથા પ્રશ્નોને દબાવી દેતા તેને આવડી ગયું છે. એક દિવસ વર્ષો પછી તે તેના ચિત્રકાર મિત્રને મળે છે. તેનાં ચિત્રો જોઈને નાયિકા સ્તબ્ધ થઈ જાય છે – રંગો અને રેખાઓમાંથી આવું અદ્‌ભુત વિશ્વ ઊભું થઈ જાય ? તેને અવાક્ ઊભેલી જોઈ એ મિત્ર કહે છે, 'તને ખબર છે, હું મારા ચિત્રોમાં રહું છું.' અને પછી એ મિત્ર તેને મૂળમાંથી હલાવી નાખતો સવાલ પૂછે છે, 'તું ક્યાં રહે છે ?' એવી ખૂબીથી આ પ્રસંગ આલેખાયો છે કે આ સવાલ આપણે આપણી જાતને પણ પૂછી બેસીએ છીએ અને પછી આપણું જાણીતું વિશ્વ આપણે માટે અજાણ્યું થઈ જાય છે. આપણને ખ્યાલ આવે છે કે દોરી અપાયેલા ચોકઠામાં ગોઠવાવામાં આપણે એટલા મશગૂલ થઈ ગયા હતાં કે આપણી અંદર એક વિશ્વ આંખ ખોલવા માગતું હતું. તેને જોવાનું ભૂલી ગયા હતા.

જે ઘરમાં, જે જીવનમાં, જે સંબંધોમાં, જે વિચારો અને માન્યતાઓમાં આપણા વસીએ છીએ તે આપણું એક રૂપ છે. આપણામાં એ સિવાયનું પણ ઘણુંબધું હોય છે જેની ઉપેક્ષા

*પુષ્પોના મર્મસ્થળમાં જે સાચવે વસંતો*
*સંકેલી સર્વ માયા એ બીજમાં બિરાજે*

કરવાનું કાં તો આપણને શીખવાડાયું હોય છે કે પછી આપણે શીખી લીધું હોય છે. એમાં એક સગવડ પણ છે. જે રસ્તો આપણને બતાવાય છે તે આપણો જાણીતો હોય છે, અન્યને માન્ય હોય છે. નાનામોટા સવાલ ઊભા થાય, પણ તે સિવાય સરળતા રહે છે, પણ જે રસ્તો આપણને બતાવાયો નથી તેના પર જવાની ઈચ્છા કરવી એટલે બે મોરચે કામ કરવાનું થાય. એક તો પોતાની જાત સાથે, બીજું જગત સાથે. પણ ત્યાર પછી બધું બદલાઈ જાય છે. આનંદ આનંદ થઈ જાય છે. જે સુખદુઃખ જીવનમરણનો સવાલ હોય એટલાં મોટાં લાગતાં હતાં તે છાયાચિત્ર જેવાં નિરુપદ્રવી થઈ જાય છે અને મનના આકાશમાં મુલાયમ રંગોનું એક મેઘધનુષ ખીલી જાય છે.

મનોવિજ્ઞાનની એક થિયરી છે, 'ફાઈન્ડિંગ ધ અધર યુ.' એક તમે એ છો જે રોજિંદા કામ કરે છે, ખાય છે, પીએ છે, સૂએ-જાગે છે, ગૃહસ્થ ધર્મ અદા કરે છે અને પ્રેમ-સંતોષ–આનંદ જેવું થોડુંક કંઈક અનુભવી લે છે. પણ આ સિવાય તમે શું છો ? ગૃહિણી કે ટાઈપિસ્ટ કે બિઝનેસ વુમન કે લેખિકા એ તમારું એક રૂપ છે. આ સિવાયનું તમારું બીજું રૂપ - ધ અધર યુ - શું છે ? તમને સિલાઈ, પ્રવાસ, સંગીત, અભિનય, ચિત્ર, ફોટોગ્રાફી, સંશોધન, સેવા, પ્રાણીઓ - શું ગમે છે ? એ ક્ષેત્રમાં તમે પોતાની જાતને રેડી ? કેટલી રેડી ? તૃપ્ત થવાય તેટલી રેડી ? રેડવાનું તો પછી, પણ પહેલી વાત તો એ કે તમે તમારો 'ધ અધર યુ' ખોળ્યો ખરો ? બની શકે કે એ જ તમારું અસલી રૂપ હોય.

આપણને જિંદગી મળે છે ત્યારે તણખા જેવી હોય છે : સ્વપ્નો જેવી ઝગમગતી, ઝંખનાઓ તેવી તમતમતી. ધીરેધીરે તણખો ઝાંખો પડતો જાય છે, તેના પર રાખનું પડ જામે છે અને છેવટે તેનું તેજ વિલાઈ જાય છે. સ્વપ્નો, ઝંખનાઓ બધું કમાણી, કારકિર્દી અને કીર્તિને હવાલે કરી દઈને આપણે પોતે જ રચેલા કારાગારમાં પુરાઈ જઈએ છીએ અને છીછરાં, તકલાદી સુખદુઃખમાં મગ્ન થઈ અડધું-અધૂરું જીવીએ છીએ.

પોલો કોયેલોની નવલકથા 'અલ્કેમિસ્ટ' અને તેનું જગમશહૂર કેન્દ્રવર્તી વાક્ય 'જ્યારે તમે દિલથી કંઈક ઈચ્છો છો ત્યારે આખું બ્રહ્માંડ તેને મેળવવા માટે તમારી મદદે આવે છે' યાદ રાખવા જેવું છે. આખી વાત પ્રતીકાત્મક છે. તેના કેન્દ્રમાં છે પોતાની જાતને, પોતાની નિયતિને શોધવાની વાત. અલ્કેમી એટલે ધાતુને શુધ્ધ અને કીમતી બનાવવાનું શાસ્ત્ર. તેનો નિષ્ણાત તે અલ્કેમિસ્ટ. દરેક માણસનો અલ્કેમિસ્ટ તેની પોતાની અંદર જ હોય છે, પોતે જ પોતાને ક્ષુદ્રતાઓમાંથી કાઢવાના હોય છે અને પોતે જ પોતાનું શુદ્ધ સ્વરૂપ શોધવાનું હોય છે. તેમ કરવા માટે કોઈને બનાવી આપેલો રસ્તો કામ નથી આવતો, પોતાનો રસ્તો પોતે કંડારવાનો હોય છે. એમ કરવાનું કેટલું મઝાનું છે તે તો જેણે એ કર્યું છે તે જ કહી શકે - માંહીં પડ્યા તે મહાસુખ માણે દેખણહારા દાઝે જો ને - જીવનનો માર્ગ પણ શૂરાનો છે, કાયરને નહીં. એક સરસ સંદેશો આજે મળ્યો : પોપટ બહુ બોલબોલ કરે છે, પણ ઝાઝું ઊંચે ઊડી શકતો નથી. હંસ ભાગ્યે જ કંઈ બોલે છે, પણ તેનું ઉડ્ડયન ગગનગામી હોય છે.

એટલે મિત્રો, આપણે જ સાગર છીએ, આપણે જ કિનારો છીએ અને આપણે જ ગહનતા છીએ.જિંદગીની જે ક્ષણ ચાલી ગઈ, ચાલી ગઈ. તે પછી નહીં મળે તે યાદ રાખીને નક્કી કરો કે તમારે ક્યાં રહેવું છે.

- લાઈફ લાઈન - સોનલ પરીખ

*હું મૂળ તો નિવાસી છું શૂન્યનો, હે મિત્રો*
*આ એકથી તે નવમાં વસવાટ લોકલાજે*

ટૂંકી વાર્તા

# જવા દઈશું તમને....

- કુંદનિકા કાપડીઆ

બારીમાંથી તેણે આકાશ ભણી નજર કરી. પલંગ તેણે એવી રીતે ગોઠવાવ્યો હતો કે આંગણાનો લીમડો બારીમાંથી બરાબર જોઈ શકાય. ઘણી વાર લીમડાની ડાળીઓ વાયરામાં ખૂબ જોરથી હલી ઊઠતી ને બારીને લગભગ અડવા મથતી હોય એમ લાગતું. ડાળીઓ વચ્ચેના અવકાશમાંથી ભૂરું-સફેદ આકાશ ને તેમાં ક્યારેક સરતા જતા સફેદ વાદળના ટુકડા દેખાતા. ડાળીઓ પર ક્યારેક એક સફેદ પંખી આવીને બેસતું. લાંબી પૂંછડી. દૂધરાજ હશે. સાધારણ રીતે એ ઘેરી ઘટા વચ્ચે રહે. સહેજે નજરે ન પડે. પણ અહીં એ સાવ એવી રીતે બેસતું, જાણે પોતાને જોવા આવતું હોય !



ઘરમાં ઠીક ઠીક ધમાલ હતી. આજે બપોરની ફ્લાઈટમાં દીપંકર અને મારિયા આવવાનાં હતાં. દીપંકર એનો સૌથી નાનો પુત્ર. સાત વર્ષ પહેલાં અમેરિકા ગયો હતો. અમેરિકી છોકરીને જ પરણ્યો હતો. વારંવાર 'આવવું છે - આવવું છે' લખતો હતો, પણ આવ્યો નહોતો. હવે મા માંદી છે, મરણ-ઉન્મુખ છે. પત્નીને લઈને તે આવે છે. અમેરિકી છોકરી! કેવી હશે ને કેવી નહિ ?

તે મનમાં જરા હસી. ટાગોરનું ગીત હતું, મેઘાણીએ અનુવાદ કરેલો એનો - 'કેવી હશે ને કેવી નહિ, મા મને કોઈ દી સાંભરે નહિ.' પોતાના વખતમાં પોતે રવીન્દ્રનાથને ખૂબ વાંચેલા. ટાગોર અને યીટ્સ અને ઈબ્સન.... સરખેસરમાં મિત્રો રવિવારે દૂર ક્યાંક નદીકાંઠે કે જંગલમાં જતાં, ખાતાંપીતાં, વૃક્ષો નીચે આડાં પડતાં, ગાતાં અને પછી મોટેથી કાવ્યવાચન થતું.... 'જેતે આમિ દિબો ના તોમાય' અને વિલિયમ બ્લૅક - 'ટુ સી ધ વર્લ્ડ ઈન એ ગ્રેઈન ઑફ સૅન્ડ....' યીટ્સનું પેલું કાવ્ય તો તેને મોઢે થઈ ગયેલું - 'આઈ વિલ અરાઈઝ ઍન્ડ ગો નાઉ.... જ્યાં દિવસરાત સરોવરનાં જળ કિનારાને થપકી દીધા કરે છે, એ જોવા હું જઈશ.' જૉહ્‌ન મેસફીલ્ડનું કાવ્ય - 'મને એક રસ્તો આપો અને માથે આકાશ, ઠંડી હોય ત્યારે રસ્તાની ધારે તાપણું... ફરી પ્રભાત, ફરી પ્રવાસ....'

અનેક સૌંદર્યોમાં તે જીવી હતી. જીવન હંમેશાં જીવવા જેવું લાગ્યું હતું અને હવેની પેઢી... મોટો દીકરો ને એની વહુ માયા, વચેટ દીકરો ને એની વહુ છાયા.... તેઓ શું કદી ટાગોરને વાંચતાં હશે ? કાલિદાસને ? શેક્સપિયરને ? નિત્શે અને બર્ગસોંનું તેમણે કદાચ નામ પણ નહિ સાંભળ્યું હોય ! પોતાના ખંડમાં એક કબાટમાં તેણે પોતાનાં માનીતાં પુસ્તકો રાખ્યાં હતાં. 'ક્રિયેટીવ ઈવોલ્યુશન' થી માંડી 'ફોર્થ વે', 'એકોત્તરશતી', 'રવીન્દ્રવીણા', જૉહ્‌ન ડન અને બ્લૅકનાં કાવ્યોનો સંયુક્ત સંગ્રહ... ઘણાં પુસ્તકો હતાં. પણ આ વહુઓએ કોઈ દિવસ કબાટને હાથ નહોતો લગાડ્યો. પૂછ્યુંયે નહોતું કે આ શાના પુસ્તકો છે. તેઓ ઍલિસ્ટર મૅક્લીન્સ, જેમ્સ હેડલી ચેઝ, ઈયેન ફ્લેમિંગ, ગુલશન નંદાનાં પુસ્તકો વાંચતાં. વારે વારે કહેતાં : 'અમે તો ખૂબ ''બોર'' થઈ ગયાં.' 'બોર' શબ્દ એમની વાતોમાંથી સતત ટપક્યા કરતો. પોતે જીવનમાં કંટાળાનો ખાસ કોઈ અનુભવ કર્યો નહોતો. તે અને તેનો પતિ પૂનમ હોય ત્યારે ઘણી વાર લોનાવલા ચાલ્યાં જતાં. ત્યાં એકાંતમાં 'સ્વપ્ન' નામનું, સૌંદર્યપ્રેમી પ્રવાસીઓ માટેનું એક 'ગેસ્ટ હાઉસ' હતું. બેઠાં ઘાટનું નાનકડું મકાન. ઉપર નાનકડી

*પડવાથી ઠેઠ પૂનમ : કૈં કેટલા દિવસથી*
*ઝંખે છે ચન્દ્ર મળવા, નીકળો ને કોક સાંજે*

એક ઓરડી, જેને ચારે તરફ ઉપરથી નીચે સુધી કાચની બારીઓ. પૂનમના ચંદ્રને ઊગતો જોવા માટે જ તેઓ જતાં. પૂર્વ દિશામાં ખડકોની એક આખી હારમાળા હતી, તેની પાછળથી ચંદ્ર જરા મોડો ઉપર આવતો. તેઓ શાંત, સ્થિર, એકાગ્ર થઈને બેસતાં. સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્પંદન ગ્રહણ કરતાં. રાહ જોતાં એક ચિરપરિચિત છતાં ચિરઆહ્‌લાદક પ્રકાશદર્શનની. ધીરે ધીરે ખડક પાછળથી એક રતૂમડી આભા દેખાતી. પછી એક ચમકતી શ્વેત કિનાર. તેના ને તેના પતિના હાથ અનાયાસ મળી જતા, આનંદની એક સમાન અનુભૂતિમાં સાથી હોવાના વિશ્વાસમાં. પછી ઝડપથી ચંદ્ર ઉપર આવી જતો. બહુ જ ઝડપથી. તે વખતે પૃથ્વીની ગતિ વિશે કંઈક ખ્યાલ આવતો. અનુકૂળ હોય તો બેત્રણ દિવસ વધુ રોકાતાં.

સૌંદર્યની આવી સેંકડો અનુભૂતિઓથી પોતાનું જીવન રસાયું હતું. કોઈ સાંજ વેળાએ તે લીમડા નીચ બેસી રિલ્કેનાં કાવ્યો વાંચતી : 'વી, ધ વેસ્ટર્સ ઑફ સૉરોઝ... આપણે આપણા શોકને વેડફી નાખીએ છીએ - દુઃખથી છુટકારાની રાહ જોવામાં....' એનો પતિ ચુપચાપ સાંભળતો. જીવનના આવાગમન પાછળ રહેલા કોઈક મર્મની અલપઝલપ ઝાંખી થતી. દુઃખને એક ગંભીર સમજથી સ્વીકારી શકાતું. વેદનાઓમાં ગુપ્ત રહેલા અર્થને થોડોઘણો પામી શકાતો.

આ લોકો જીવન તરફ કઈ રીતે જોતાં હશે ? તેને ઘણી વાર પ્રશ્ન થતો. પણ માયા-છાયાને તેની પાસે નિરાંતે બેસીને વાત કરવાની ક્યારેય ફુરસદ રહેતી નહિ. તેઓ આખો દિવસ કશાકમાં ને કશાકમાં રોકાયેલાં રહેતાં. તેઓ કુકિંગ ક્લાસમાં જતાં, ફ્રેન્ચ પુડિંગ અને ઈટાલિયન પીત્સા બનાવતાં શીખતાં, ઈન્ટિરિયર ડેકોરેશનના વર્ગો ભરતા, ઈકેબાનાની ગોઠવણી કરતાં, કૅન્ડલ-લાઈટ-ડિનર ગોઠવતાં, હેરસ્ટાઇલ શીખતાં. નવનવી રીતે વાળ ઓળતાં. કપડાંનાં નવાં નવાં મૅચિંગ. સુંદર લાગતાં તેઓ. પણ બહારથી તેઓ ઘેર આવતાં ત્યારે હંમેશાં કહેતાં : 'કંટાળી ગયા. બહુ થાક લાગ્યો.

અને હવે એક નવી સ્ત્રી ઘરમાં આવી રહી છે. માંડ ૨૩-૨૪ વર્ષની હશે. દીપંકરે લગ્ન વખતે ફોટા મોકલેલા. પણ ફોટામાંથી ને તેયે લગ્ન સમયના ફોટામાંથી - વ્યક્તિનો પરિચય કેમ મળે ? તેને કુતૂહલ હતું. દીપંકરે પસંદ કરેલી એ છોકરી કેવી હશે ?

તે પોતાનો આદર કરશે કે નહિ, પોતાને ચાહશે કે નહિ, એ વાત મહત્ત્વની નહોતી. પોતે હવે કેટલા દિવસ ? પણ એક સાવ અજાણી દૂર દેશની કન્યા ઘરની વહુ બનીને આવે છે, તેને ઓળખવાની ઈચ્છા હતી. માયા-છાયાને પણ એના વિશે ઘણી ઉત્કંઠા હશે; ભય ને આશંકા હશે. એક દિવસ બન્નેને ગુસપુસ કરતાં સાંભળ્યાં હતાં.... 'ઍડ્‌જસ્ટમેન્ટ' કરવું પડશે - એવી કંઈક વાતો તેઓ કરતાં હતાં. સારું છે કે ઘર ખૂબ મોટું હતું, બધાંનો સમાવેશ થઈ રહેતો હતો. દીકરીઓ પણ તેમના પતિ ને બાળકોને લઈને આવી હતી, માની છેલ્લી ઘડીઓમાં તેને મળી લેવા. પણ ફુરસદ તેમનેય નહોતી. 'ભાભી, ટિનુ માટે દૂધ ગરમ થયું છે ? મહારાજને કહેજો, દાળશાક મોળાં કાઢી લે. અવિનાશને પેટમાં અલ્સર છે.' તેમના વ્યવહારમાં એક પ્રકારની અધીરતા રહેતી. હવે કેટલી રજા બાકી રહી તેનો મનમાં હિસાબ ગણતાં હશે. રજા લંબાવવી તો નહિ પડે ? ઘર જેમ-તેમ મૂકીને આવ્યાં છીએ....

મા પાસે બધાં વારાફરતી આવી જતાં. દવા લીધી, મા ? ઊંઘ બરોબર આવી હતી ને ? રાત કેવી ગઈ ? તેઓ મચ્છરદાનીના છેડા સરખા કરતાં, વળેલી ચાદર ખેંચતા, માના પલંગ પાસે ટેબલ પર તાજાં ફૂલ મૂકતાં, છોકરાંઓ અવાજ કરતાં આવે તો બહાર કાઢી મૂકતાં. માની બધી રીતે કાળજી રાખતાં. રોજ તેને માટે જુદી જુદી જાતની હળવી વાનીઓ બનાવતાં. અને તેમને થતું કે પોતાની પરિચર્યા સંપૂર્ણ છે. માત્ર માને ખબર હતી કે ખાલીપણું ક્યાં હતું. પણ હવે મૃત્યુની સંમુખ આવતાં તેણે બધી અપેક્ષાઓને સંકેલી લીધી હતી. જીવનભર મેં સૌંદર્યને ચાહ્યું છે, જીવનને ચાહ્યું છે. મરતી વેળા હું એને ખંડિત

*એ કાફીયા રદીફને શોધ્યા કરું નિરંતર*
*જે વ્યક્ત થૈ નિરંતર નિજ મૌનને નવાજે*
*- હરીશ મીનાશ્રુ*

નહિ થવા દઉં. એનો અતિ પ્રિય લેખક હેન્રી ફ્રેડરિક ઍમિયલ. સ્વિટ્ઝર્લૅન્ડમાં જન્મેલો, ફ્રાન્સમાં વસેલો, સૌંદર્યશાસ્ત્રનો પ્રોફેસર. ત્રીસ વર્ષ એકાંતમાં ગાળી એણે ૧૬,૯૦૦ પાનાં ભરીને જર્નલ લખ્યાં. ઍમિયલ, બર્ગસોં, ટાગોર... તે અને તેનો પતિ બન્ને તેમના વિશે એવી રીતે વાત કરતાં, જાણે તેઓ તેમના મિત્રો હોય. એમનાં લખાણોમાંથી, જીવનમાંથી, દર્શનમાંથી પોતે આકંઠ પાન કર્યું હતું... અને હવે મૃત્યુની વેળા આવી હતી. જીવનની સર્વોચ્ચ અનુભૂતિની પરમ આસ્વાદ્ય પળ. એ પળની આભા પૂનમના, વદ એકમના કે બીજના ચંદ્ર જેવી, રતૂમડા પ્રકાશવાળી પોતાનાં સર્વ અંગોને સિક્ત કરી દે તેવી રાખવી છે.

કશોક અવાજ થયો. માયા આવી હતી. તેણે તેની તરફ નજર ફેરવી. માયા પાસે આવી. 'કાંઈ જોઈએ, બા ?' તેણે ડોકું હલાવી ના પાડી. હસી. પણ માયા સામે હસી નહિ. તેણે માના હાસ્યને જોયું નહોતું. તે પોતાના વિચારોમાં ગૂંથાયેલી હતી. તે હોશિયાર, કાર્યદક્ષ, સ્માર્ટ અને સ્વાર્થી હતી. પોતાને જોઈતું બધું મેળવી લેતી. ગમે તે રીતે. બીજાનું શું થાય છે તેની પરવા કર્યા વગર. પોતાનો પતિ ને પોતાનાં બાળકો - એ તેના વિશ્વની સરહદો હતી. મિત્રો, પાર્ટી, સિનેમા - બધું હતું. પણ તેને કોઈનેય માટે ઊંડી લાગણી હોય કે કોઈને માટે તે ક્યારેય ઘસાઈ હોય - એવું કાંઈ યાદ નહોતું આવતું.

વચેટ છાયા જુદી હતી. આનંદી, ઉદાર, ગ્રામ્ય મજાકોથી ભરેલી, સ્થૂળ, બહિર્મુખ, સંવેદના રહિત. એક જ મોટા મકાનમાં માયા-છાયાનાં રસોડાં જુદાં હતાં. સંપત્તિ પૂરતી હતી, તેથી બન્ને વચ્ચે સંઘર્ષના પ્રસંગ ખાસ આવતા નહિ. પોતાનો રૂમ ઉપર જુદો હતો. બન્નેને ત્યાંથી વારાફરતી જમવાની થાળી આવતી. કોઈક વાર પોતે પણ નીચે બધાંની સાથે ટેબલ પર જમવા જતી, પણ કોઈક જ વાર. બહારનું કોઈ ન હોય ત્યારે. ઘણી વાર રાતે નીચે સંગીત ચાલતું. નૃત્યો થતાં. ગિટાર-ઑર્ગન વાગતાં. માયા સારું ગાતી. પોતાની દીકરી ઉમા પણ સરસ ગાતી. ઉપર એમના સૂરો પહોંચતા. કોઈ વાર ગમતા. પણ ઉમા કે માયાએ કોઈ દિવસ એની પાસે આવીને કહ્યું નહોતું : 'બા, તમને કોઈક ગીત કે ભજન સંભળાવું ?' સરસ રીતે કોઈ કાવ્યો વાંચે તોયે ગમે. જેતે દિબો ના તોમાય... તમને જવા નહિ દઉં. ચાર વરસની કન્યાના મુખની એ સ્નેહના ગર્વથી ભરેલી વાણી. પિતાને કહે છે - તમને જવા નહિ દઉં. એ કાવ્ય પોતે સેંકડો વાર બીજાને વાંચી સંભળાવેલું. 'જવા નહિ દઉં.... પણ તોયે જવા દેવું પડે છે, ચાલ્યું જાય છે. પ્રલય-સમુદ્રના વેગમાં હૂ હૂ કરી તીવ્ર વેગે બધું જ ચાલ્યું જાય છે.'

પોતાની પણ જવાની ઘડી આવી છે. કોઈએ કહ્યું નથી - જવા નહિ દઉં. કદાચ ક્યારે જાય, તેની રાહ પણ જોતાં હોય ! ભલે, મનમાં કશી તૃષ્ણા નથી, ભય નથી.

કે છે ?

બારી પાસે ઝૂલતા લીમડાની ડાળીઓ હવે ચૈત્ર-વૈશાખમાં સફેદ સફેદ મંજરીઓથી ભરાઈ જશે. આલ્બેર કામૂએ તેની નોંધપોથીમાં જેની વાત કરી છે તેવી બદામની શ્વેત સુંદર મંજરી જેવી.... કદાચ એથીય વધુ સુંદર. આખી રાત તે મહેક્યા કરશે. તેને સુખ થયું. 'જનરેશન ગૅપ' છે, છતાં પોતાની છેલ્લી રાતો ભગવાને કોઈક રીતે મહેકતી રાખી છે.

અચાનક મારિયા યાદ આવી. એને અહીં ગમશે ? અહીંનો ઉનાળો, ગરમી, અહીંની ગંદકી, અહીંના લોકોની ટેવો - આ બધું તે શી રીતે સહી શકશે ? તેને આ દેશની સાચી પરિસ્થિતિઓની જાણ હશે કે કોઈ ભાવમુગ્ધતામાં તે ડૂબેલી હશે ને અહીં આવતાં નિર્ભ્રાન્ત થઈ જશે ?

જે હોય તે - થોડા કલાકોમાં જ આ કુતૂહલનો અંત આવશે.

હૃદયમાં એક ઝીણો સૂર ઊઠ્યો. છેલ્લી પળોની આભા પર, આ દીકરા-દીકરીઓ-વહુઓ વચ્ચેના સંઘર્ષની છાયા

*ગાઈશ ગીત, શુષ્ક નિવેદન નહીં કરું;*
*ફૂલો ભરેલા માર્ગને નિર્જન નહીં કરું.*

ન પડે તો સારું. પોતાની શક્તિઓ હવે સાવ ક્ષીણ થઈ ગઈ હતી. હાથપગ હવે ચાલતા નહોતા. માત્ર પ્રવાહી ખોરાક જ લઈ શકાતો. અવાજ ધીમો પડી ગયો હતો. સંભળાતું પણ ઓછું. માત્ર દૃષ્ટિ સતેજ હતી, અને સતેજ હતાં મન, હૃદય, સ્મૃતિઓ.

..... ફ્લાઇટ થોડી મોડી હતી. બપોરને બદલે સાંજે છ વાગ્યે વિમાન આવ્યું. કસ્ટમમાંથી નીકળતાં ને ઘેર પહોંચતાં આઠ વાગી ગયા. દીપંકર અને મારિયાએ એના રૂમમાં પ્રવેશ કર્યો ત્યારે પ્રકાશને અંધકારની સંધિક્ષણ હતી. દીપંકર ઊભરાઈ જતા વહાલ સાથે દોડ્યો. 'કેમ છે, બા ?' તેના અવાજમાંથી નર્યો સ્નેહ નીતરતો હતો. એને ઘણોબધો સંતોષ થયો. થોડી વાર તો તે માને લગભગ વળગીને જ બેઠો. પછી યાદ આવ્યું હોય તેમ તે ઊભો થયો. 'મારિયા, આ મારી મા !' તેણે કહ્યું. એમાં કંકઈ ગર્વની છાંટ હતી ? કે ખાલી ભ્રમ ? મારિયા આગળ આવી. તેણે હાથ લાંબો કરી તેનો હાથ પકડી હલાવ્યો. બોલી નહિ કશું. માત્ર હસી. બન્ને એની પાસે બેઠાં. દીપંકરે ઝડપથી ઘણી વાતો કરી નાખી. ત્યાંના વસવાટની, પત્ર પછી થયેલી ચિંતાની, હવે તબિયત કેમ છે, પોતે આવ્યો એટલે સારું થઈ જશે, સ્નેહ ને ચિંતાની વાતો. થોડીક નાનપણની યાદ. 'મા, તને સાંભરે છે ? એક દિવસ હું બહુ રખડીને કપડાં ફાડીને આવ્યો ત્યારે બાપુ મને ખૂબ વઢેલા અને ત્યારે તેં પાછળથી કેવો મને શીરો ખવડાવેલો ?'

સૂતાં સૂતાં તે સાંભળી રહી. ખૂબ સારું લાગ્યું.

પછી બંને નીચે ગયાં. 'સૂઈ જજે આરામથી, મા ! હવે કાલે સવારે મળીશું. સાથે ચા પીશું.' દીપંકરે કહ્યું. મારિયાએ ડોકું ધુણાવ્યું. તેની આંખો સરસ હતી એમ લાગ્યું. ઊંડાણભરી, સંવેદનાભરી, જાણે તે કહેતી હોય - તમારા મનમાં શું છે, હું સમજું છું.

દીપંકરે સવારે મળવાનું કહ્યું - પણ એકલી પડી ત્યારે એને થયું, એમ ન બને કે આજની રાત જ છેલ્લી રાત હોય ? અચાનક બહુ જ ક્ષીણતા આવી ગઈ. ખૂબ નબળાઈ લાગવા માંડી. આજે કઈ તિથિ હતી ? વદ બીજ .... આજે સહેજ મોડો, લાલ ચંદ્ર ઊગશે. બસ, હવે કશું જોઈતું નહોતું. આજની રાતે અંત આવે તો તે વાજબી જ કહેવાય.

હવાની એક વેગવતી લહર આવી, લીમડાની ડાળીઓ ઝૂલી પડી. બે સફેદ ઝીણી કળીઓ એના પલંગ પર ફેંકાઈ.

અચાનક તેને લાગ્યું કે બારણું ખુલ્યું. કોણ આવ્યું હશે ? છેલ્લી દવા તો કામવાળી બાઈ આપીને ગઈ. પછી કોણ આવ્યું ?

ધીમે પગલે કોઈ તેની પાસે આવ્યું. ઓળખાયું. એ મારિયા હતી. તેને પારાવાર નવાઈ લાગી. મારિયા કેમ આવી હશે ?

મારિયા તેની પાસે આવીને બેઠી, હાથ હાથમાં લીધો, થોડી વાર કાંઈ બોલી નહિ. માત્ર સામે જોઈને હસી રહી. 'મને અહીં બેસવાનું ગમશે. બેસું ?' તેણે પૂછ્યું.

તેણે ડોકું હલાવીને હા પાડી, પણ હજુ નવાઈ શમતી નહોતી.

લાંબા સમય સુધી મારિયા શાંત બેસી રહી. લીમડાની પાછળના આકાશને જોઈ રહી. પછી ધીમેથી બોલી : 'તમે પલંગ સરસ ખૂણે ગોઠવ્યો છે. આ વૃક્ષ સુંદર દેખાય છે. એને હવે ફૂલ આવશે ને ? થોડાં થોડાં દેખાય છે.' અંગ્રેજીમાં, ધીમેથી, અટકી અટકીને બોલતી હતી. ઉચ્ચારો અમેરિકી હતા, પણ એને બધું સમજાયું.

મારિયાએ ફરી કહ્યું : 'અમારા લગ્ન વખતે તમે મને ટાગોરની કવિતાનું પુસ્તક મોકલેલું તે મને ખૂબ ગમેલું. કેટલીય વાર વાંચ્યું. ઘણી કવિતા તો મોઢે થઈ ગઈ છે.' તે હસી, અને માના હાથ પર હાથ પસવાર્યો. 'આઈ લવ્ડ યૂ ફૉર ધૅટ બુક. ઈટ વૉઝ વન્ડરફૂલ, ટુ લવ ધ વર્લ્ડ વિથ ઑલ ઈટ્સ પીપલ ઈન સચ અ બ્યુટિફુલ વે...' અને પછી.... 'તમને હજુ યાદ છે એ કાવ્યો ?'

એણે આનંદથી ડોકું ધુણાવ્યું.

(અનુસંધાન પાના ૨૬ ઉપર)

*ટહુકાઓ, ખુશ્બૂ, કંટકો-માણી લીધું બધું;*
*આથી વધુ અરણ્યનું દોહન નહીં કરું.*
*- ભગવતીકુમાર શર્મા*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## રાયપુરના જ્ઞાતિ આગેવાન સી.એ.ની સંસ્થાના અધ્યક્ષ બન્યા

ધવલ મહેન્દ્ર લોડાયા, રાયપુર ગામ તેરા Income Tax Bar Association, Raipur ના મેગેઝીનના Editor (સંપાદક) નિયુક્ત થયા છે. અને "Chhattisgarh Chartered Accountant for Nation" સંસ્થાના અધ્યક્ષ બન્યા છે.

## તિરપુરમાં રક્તદાન શિબિર

તિરપુરના જ્ઞાતિ આગેવાન સતીશ એચ. નાગડા જેમાં ખૂબજ સક્રિય છે એવી મુયારચી મકકલ અમાઈપુ સંસ્થાએ સ્વાતંત્ર્યદિન નિમિત્તે તિરપુરમાં ચાર જગ્યાએ રક્તદાન શિબિર યોજી હતી તથા સારા પ્રમાણમાં લોહી એકઠું કર્યું હતું. સતીશભાઈએ ટીમ ઓર્ગનાઈઝર તરીકેની જવાબદારી સંભાળી હતી.

## જ્ઞાતિ નવીનચંદ્ર દંડ વેરાવળની અગ્રણી બેંકમાં ડાયરેક્ટર ચૂંટડયા



વેરાવળ (ગીર સોમનાથ)માં આપણી જ્ઞાતિના ફક્ત ૩ (ત્રણ) ઘર છે. જેમાં શ્રી નવીનચંદ્ર હીરજીભાઈ દંડ (ઉદય ટ્રાન્સપોર્ટ) જીલ્લાની અગ્રણી બેંક ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઑપ. બેંક લી. માં ચૂંટણીમાં તથા બેંકના ચેરમેન તરીકે પણ બીનહરીફ વરણી પામેલ છે. તેઓ ઘણા વર્ષોથી બેંકના ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે.

વિશેષમાં તેઓ શહેરની અનેકવિધ સામાજીક, શૈક્ષણિક તથા ધાર્મિક સંસ્થાઓમાં હોદેદાર તરીકે માનદ સેવા આપી રહ્યા છે. અત્રેના મૂર્તીપૂજક જૈન સંઘના ૧૮ વર્ષથી પ્રમુખ છે. જ્ઞાતિના ફક્ત ત્રણજ ઘર હોવા છતા તેઓ શહેરના પ્રથમ હરોળના અગ્રણી તરીકે સ્થાન પામ્યા છે. જે જ્ઞાતિ માટે ખરેખર ગૌરવની વાત છે.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**નિશીકા (કલ્પના) મનીષ જીવાણી**
જખૌ - અમરાવતી
10th Std. - CBSE Board
CGPA માં **82%**




**સુરભિ (મિના) ધનેશ છેડા**
ઇંદૌર (મ.પ્ર.)
GRE EXAM
માં **330/340**



**ધ્રુવ ધનેશ છેડા**
ઇંદૌર (મ.પ્ર.)
10th Std. CBSE Board
CGPA માં **8.6**



**ચાંદની ધનેશ છેડા**
ઇંદૌર (મ.પ્ર.)
IPCC Passed C.A. Final
LLB (Hons) III Sem. માં **61%**



**પ્રતિક (જયોત્સના) જયેશ ખોના**
સાંયરા - કલ્યાણ
S.S.C. માં **80.40%**



**અ.સૌ. કિંજલ પ્રિયાંક દંડ**
લાલા - વડોદરા
M.Com
CGPA માં **4.88**



**વૈષ્ણવી જયેશ ખોના**
સાંયરા - કલ્યાણ
B.Com BBI (A Grade)
કૉલેજમાં પ્રથમ

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૧-૧૫ | - | પરમ, કવિતા મિલન ધનપતી લોડાયા | સુથરી | પુત્ર |
| ૧૩-૦૭-૧૬ | ડોંબીવલી | તન્યા, મીતા યતિન હરીશ મોમાયા (ભુલ સુધાર) | વરાડીયા | પુત્રી |
| ૩૦-૦૭-૧૬ | - | કપીત, ખુશ્બુ કૃણાલ ગુલાબચંદ લોડાયા | સુથરી | પુત્ર |
| ૦૧-૦૮-૧૬ | ઘાટકોપર | ક્રિશા, ચાર્મી વિમલ પદમકુમાર પોલડીયા | ડૂમરા | પુત્રી |
| ૦૨-૦૮-૧૬ | ન્યુ જર્સી (USA) | હિયેન, મિનલ નિરલ જનક દંડ | કોઠારા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૮-૧૬ | વડોદરા | પ્રશાંત મહેન્દ્ર રામજી નાગડા | નલીયા | ૨૮ |
| | બેંગ્લોર | રિનલ રાજેન્દ્ર પ્રેમચંદ ડાઘા | વરાડીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૮-૧૬ | મુલુંડ | વિનીત હેમેન્દ્ર પ્રેમજી દેવરાજ લોડાયા | વારાપધર | ૨૯ |
| | બાન્દ્રા | મેરીકો ડૉ. રમેશ ઉત્તમરાવ કઠાણે | ઉત્તમગાવ | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૮-૧૬ | વડોદરા | જયશ્રી જવેરચંદ ધરમશી | સુથરી | ૬૩ |

# જવા દઈશું તમને....

(અનુસંધાન પાના ૨૫ થી)

મારિયા સહેજ વધુ નજીક સરી આવી. માની સાવ નજીક ઝળૂંબી. 'તમે ખૂબ દુર્બળ લાગો છો.'

તે કાંઈ બોલી નહિ.

મારિયાએ એની આંખમાં આંખ પરોવી ઊંડાણથી જોયું માથા પરના વાળ પસવાર્યા. પછી કાન નજીક મોં લઈ જઈ મૃદુતાથી બોલી : 'તમને... તમને ભય નથી લાગતો ને ?''

'શાનો ભય ?'

'અજ્ઞાતનો...' મારિયા ધીમા સ્વરે બોલી. 'બધું પરિચિત છોડી શૂન્યમાં સરી જવાનો. આર યૂ અફ્રેઈડ ?...'

હૃદયમાં એક મોટું મોજું આવ્યું. આનંદનું. આ છોકરી મને સમજે છે. મારી ભીતર શી લાગણીઓ છે એ જાણવાની તેને ખેવના છે. મારા ભયની તેને ચિંતા છે. એ ભયને તે કદાચ દૂર કરવા માગે છે....

તેને જવાબ આપવો હતો, પણ આ ભરતીથી તે ઉત્તેજિત થઈને થાકી ગઈ. જીવનની છેલ્લી પળોમાં એક નવા સંબંધનો ઉદય થતો હતો. જરા મોડો.... પણ અત્યંત સુંદર. તેણે પ્રેમ ને સંતોષથી મારિયા તરફ જોયું. તેને થયું : લોકો કહે છે - પતિ જીવંત હોય ત્યાં સુધીમાં પત્ની મરવા-કરવાનું પતાવી દે, તો તેને સૌભાગ્યવતી કહેવાય. ઓહ - લોકોને શી ખબર, સૌભાગ્ય એટલે શું ? આ સૌભાગ્ય છે. અંતિમ ક્ષણોના આકાશમાં એક નવા સંબંધનો, એક નવા પ્રેમનો આમ ઉદય થવો તે સૌભાગ્ય છે. આનંદથી મરી શકવું - તે જ સૌથી મોટું સૌભાગ્ય છે.

લીમડાની પાછળથી ચંદ્રની શ્વેત કિનારી દેખાઈ. મારિયાએ રૂમની બત્તી ઓલવી નાખી. એક સામટાં ઘણાં ધોળાં ફૂલોથી ડાળીઓ ભરાઈ ગઈ હોય એમ લાગ્યું. તેણે મારિયાનો હાથ પકડી ચંદ્ર તરફ ઇશારો કર્યો.... લૂક, શી ઈઝ બિડિંગ ફેરવેલ....

મારિયાએ તેના કપાળ પર હળવેથી હાથ ફેરવ્યો... મે યોર જર્ની બી પીસફુલ.

તેના મોં પર રતૂમડી આભા પથરાઈ રહી.

• • •

## ભાવાંજલિ

# પ્રેમજી ભીચશી લાલકા (શાહ)



**જન્મ ૧૯૧૯ - અરિહંત શરણ ૨૬ જુલાઈ ૨૦૧૬**

**કચ્છગામ : લાલા હાલ વસાહટ ઈંદૌર (મ.પ્ર.)**

મળે છે દેહ માટીમાં પણ, માનવીનું નામ જીવે છે
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેના સત્કાર્યો જીવે છે

## શોકાકુલ

સ્વ. જેતબાઈ ભીચશી કાંયા લાલકા - લાલા પરિવાર
સ્વ. લક્ષ્મીબાઈ વેલજી શામજી ધરમશી-સાંધાણ-પરિવાર
પત્ની - રતનબેન પ્રેમજી લાલકા
પુત્રવધૂ-પુત્ર- ઉષા મહેન્દ્ર પ્રેમજી શાહ, મીનૂ જ્યેશ પ્રેમજી શાહ
નેહા નિલેશ પ્રેમજી શાહ, ચેતના દિલીપ હીરજી લાલકા
પુત્રી-જમાઈ- મીના મુકેશ રતીલાલ મૈશેરી - જખૌ - નાગપુર
પૌત્રવધૂ-પૌત્ર- પ્રીતિ રિન્કેશ મહેન્દ્ર શાહ, સલોની જિગ્નેશ જ્યેશ શાહ
પૌત્ર- અંકિત નિલેશ પ્રેમજી શાહ, ચિન્મય નિલેશ પ્રેમજી શાહ
પૌત્રી-જમાઈ- શીતલ હેમંત ઢાબરિયા, જીનલ પ્રતીક રાજેશ શાહ
દોહિત્ર વધુ- દોહિત્ર- તન્વી મયંક મુકેશ મૈશેરી
દોહિત્રી- જાન્હવી મુકેશ મૈશેરી
પ્રપૌત્ર, પ્રપૌત્રી- હિતાંશી, અદવીકા, વિહાન, આરનવી
પ્રદોહિત્ર, પ્રદોહિત્રી- અતીશય, અનાયરા, રાવ્યા

## ઋણ સ્વીકાર

અમારા પર આવી પડેલ વિપત્તિમાં આપ સૌ સગાં વહાલા, સ્નેહી સંબંધી, મિત્ર ગણ, સ્ટાફ રૂબરૂ, ફોન પત્ર દ્વારા સાંત્વના આપી દુ:ખમાં સહભાગી થવા બદ્દલ લાલકા પરિવાર સહુનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

નિવાસ સ્થાન - ૬૫, ઉત્કર્ષ વિહાર કોલોની, ખજરાના મેનરોડ, ઈંદૌર (મ.પ્ર.)

**ઓફિસ - રતન આયુર્વેદિક સંસ્થાન,**
૨૧, બી.સી., ધેનૂ માર્કેટ, મીરા પથ, ઈંદૌર - ૪૫૨૦૦૧ (મ.પ્ર.)

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## તીરૂપુરમાં ચાતુર્માસ પ્રવેશ



તીરૂપુર નગરમાં તા. ૨-૭-૨૦૧૬ના પ.પુ. મુનિશ્રીધર્મપ્રભસાગર, શ્રી રાજશેખરસૂરીશ્વરજી તથા શ્રી ધર્મશેખરસૂરીશ્વરજીનો નગર પ્રવેશ શરીફ કોલોનીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દેરાસરમાં ત્યાંથી તા. ૧૩-૭-૨૦૧૬ના ચાતુર્માસ પ્રવેશ શ્રી સુવિધિનાથના દેરાસરે થયો ત્યારે વાજતે ગાજતે, ગહુલી અને બેડાથી બેહેનોએ સ્વાગત કરેલ. સવારના નવકારશી તથા બપોરનાં સ્વામી વાત્સલ્ય શ્રી તીરૂપુર સંઘ તરફથી રાખવામાં આવેલ. કામળી બહોરાવવાનો લાભ શ્રી મહાવીર ગ્રુપે લીધેલ.




## કોચીન મહાજન દ્વારા કેરળના જ્ઞાતિજનોનું મિલન તથા કેરળ જ્ઞાતિ વસ્તીપત્રક

વસ્તીપત્રકનું વિમોચન, વાર્ષિક સામાન્ય સભા અને 'કેરલા ક.દ.ઓ. મિલન' કાર્યક્રમ રવિવાર, તા. ૩૧-૭-૨૦૧૬ના યોજેલ. મુખ્ય અતિથિ શ્રી મુંબઈ મહાજનનાં પ્રમુખશ્રી કલ્પેશ મોતા હતા. બડગરાના દક્ષિણ ભારત એકમના ઉપ્રમુખ શ્રી મુલચંદ મોતા બેંગલોરથી શ્રી વિશનજી ધરમશી, અલપઈ, બડગરા, કલીકટ તથા ત્રીવેન્દ્રમ થી મહાનુભાવો પધાર્યા હતા. પ્રમુખશ્રી કિશોર શામજી કુરૂવાંના નેતૃત્વમાં આગેવાનો અને કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધેલ. સહુએ કેરલનાં વસ્ત્રો ધારણ કર્યા હતા અને બપોરના કેળાના પાનમાં કેરલા મીલ્સનો આનંદ માણ્યો.

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ || **આભાર... આનંદમ્... અનુમોદના...** || શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ||



સહર્ષ આનંદ સહ જણાવવાનં કે તેકુલાધુ પરિવારના સખીદિલ દાતાઓની **"મેરા ગામ તેરા"** પ્રત્યે ઋણ ચકુવવાની ચાહના, ગામ પ્રત્યેનો પ્રેમ, લાગણી અને સુકૃત કરવાની ભાવનાથી **"રાજલક્ષ્મી વાત્સલ્યધામ"**ના નવા સંકુલના સર્વે રૂમના સંપૂર્ણ ફર્નીચરના વચનો અમને મળી ચૂક્યા છે. આપ સર્વે સખીદિલ દાતાઓનો ખૂબ ખૂબ આભાર - અનુમોદના.

**"રાજલક્ષ્મી વાત્સલ્યધામ"** ના લોકાર્પણ પ્રસંગે આપ સહુ જ્ઞાતિજનો, તેરા - કુવાપધર - ધુફી, લાખણીયાના ગામવાસીઓ, આમંત્રિત મહેમાનો, નિયાણી બહેનોને પરિવાર સહ તા. ૨૯-૮-૨૦૧૬ને સોમવારના તેરા ગામે બહોળી સંખ્યામાં પધારવા ફરી એક વાર નમ્ર વિનંતી.

### રાજલક્ષ્મી વાત્સલ્યધામના રૂમના સંપૂર્ણ ફર્નીચરના દાતાશ્રીઓ

| રૂમ નં. | દાતાશ્રીનું નામ | મુળગામ - હાલ |
|---|---|---|
| ૧ | માતુશ્રી લીલબાઈ માણેકજી કેશવજી દંડ પરિવાર (આણંદ પરિવાર) | તેરા |
| ૨ | શ્રીમતી મીનાબેન ગુલાબ પદમશી મોતા | કુવાપધર - હૈદ્રાબાદ |
| ૩ | શેઠશ્રી હીરાલાલ ભાણજી દેવજી ખીમજી | તેરા - મુંબઈ |
| | શેઠશ્રી ઉદય ભાણજી દેવજી ખીમજી | |
| | શેઠશ્રી મલય મહેન્દ્ર ભાણજી ખીમજી | |
| ૪ | સ્વ. શારદાબેન ખોખાણીના સ્મરણાર્થ હસ્તે શ્રીમતી સુષમાબેન બિપીન ભાણજી ખીમજી | તેરા - માટુંગા |
| ૫ | માતુશ્રી વેલબાઈ પદમશી માડણ લોડાયા | કુવાપધર - બોરીવલી |
| ૬ | શેઠશ્રી હંસ ભવાનજી અરજણ ખીમજી | તેરા - માટુંગા |
| ૭ | શ્રીમતી ભારતીબેન હંસ ભવાનજી ખીમજી | તેરા - માટુંગા |
| ૮ | શેઠશ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખીમજી | હુબલી - તેરા |

લી. **શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન તેરા** • **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,